
કિંમત ₹ ૫/-

સળંગ અંક ૭૬ - ઓગષ્ટ - ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



ગુરૂપૂર્ણિમા નિમિત્તે
અમદાવાદ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ગુરૂપૂજન
તથા મૂળી મંદિરમાં સભામાં આશીર્વચન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

























૧.ઝુલાસણ મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. વડનગર મંદિરમાં પાટોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી. ૩. ભરાડા (મૂળી દેશ) ભાઈઓના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી. ૪-૫-૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ શત વાર્ષિક પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા અને વિષ્ણુયાગની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે લાભ લેતા પ.ભ. જી.કે.પટેલ તથા કથા શ્રવણ કરાવતા શાસ્ત્રી પી.પી. સ્વામી. ૭. કૂજાડ ગામે મહાપૂજાની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી.૮ સાયરા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યજ્ઞમાં શ્રીફળ હોમતા પ.પૂ. મહારાજશ્રી. ૯. મોડાસા નૂતન શિખરબધ્ધ મંદિરના ખાત મુર્હૂત પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી. ૧૦. અયોધ્યા મંદિરમાં ૯૯માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને નૂતન ધર્મ-ભક્તિ યાત્રી નિવાસનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે મહંત દેવ સ્વામી ૧૧. છપૈયા ગૌઘાટ તીર્થમાં પ.ભ.નંદુભાઈ પટેલ અને પ.ભ.ભગવાનભાઈ દ્વારા થયેલું જીર્ણોદ્ધારનું કામ વરસતા વરસાદમાં નિહાળતા પ.પૂ.મોટા મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૭૬

ઓગસ્ટ-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | યજ્ઞોપવિત | ૦૬ |
| ૦૪. | અયોધ્યા મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે ધર્મભક્તિ યાત્રી નિવાસ ઉદ્‌ઘાટન એવં ઠાકોરજીનો ૯૯ મો વાર્ષિક પાટોત્સવ | ૦૮ |
| ૦૫. | શિક્ષાપત્રી શ્લોક ૩૬ અને ૬૩ | ૧૦ |
| ૦૬. | શંભુ અને સતીએ બનાવેલી રસોઈ શ્રીહરિ જમ્યા | ૧૩ |
| ૦૭. | દિવસમાં પાંચ વખત કથાનો પ્રારંભ | ૧૪ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૪ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૮ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૯ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

પરમકૃપાળુ પરમાત્મા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન ખૂબજ દયાના સાગર છે. દરેક જીવ પ્રાણીમાત્રનું ભગવાન ખૂબજ ધ્યાન રાખે છે. આખા ભારત દેશમાં ખૂબજ સારો વરસાદ પડ્યો છે. ઘણા ડેમો, સરોવરો ભરાઈ ગયા છે. ખેતીને લાયક વરસાદ સારો ગણાય. હાલ ચાતુર્માસ ચાલે છે. શ્રીહરિના આશ્રિત હરિભક્તોએ નિયમ લીધા હશે. શાસ્ત્રનું વાંચન, કથા શ્રવણ કરવું, ભગવાનને પ્રદક્ષિણા, દંડવત, પંચામૃત સ્નાને કરી ભગવાનની મહાપૂજા, ભગવાનનો મહામંત્ર જાપ, સ્તોત્રનો પાઠ આદિ આઠ નિયમમાંથી કોઈ એક નિયમનું ચુસ્તપણે પાલન કરજો.

આ દેહથી જેટલું થાય તેટલું ભગવાનનું ભજન કરી લેવું. તેમાંજ આપણું શ્રેય અને કલ્યાણ છે.

હાલ તો વિદેશના આપણા મંદિરોમાં ઉત્સવો ઉપર ઉત્સવો ચાલે છે. વિદેશ વસતા હરિભક્તોને રોજ સમૈયા જેવું છે. હમણાં લંડન વિલ્સડન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો રજત જયંતી પાટોત્સવ સમસ્ત ધર્મકુળની નિશ્રામાં અને ભુજ અને અમદાવાદ મંદિરના સંતોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. કચ્છના લંડન વસતા હરિભક્તોએ કથાશ્રવણ, દેવ દર્શન અને ધર્મકુળ દર્શન કરી સંતોની અમૃતવાણીનો લાભ લીધો. તેજ રીતે અમેરિકામાં ચેરીહીલ અને કોલોનીયા મંદિર અને શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૫ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થશે. આવા ઉત્સવો. પાટોત્સવો અને સમૈયાના દર્શન જીવમાં ઉતરી જાય તો ગમે તેવા જીવનું પણ કલ્યાણ થાય.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૧૩)

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ પ.ભ. ગોપાલભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સિંગરવા

૧૦-૧૧ કેરા (કચ્છ) પધરામણી.

૧૪ મોડાસા શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી.

૧૮ જુલાઈ થી ૯ ઓગસ્ટ, શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન લંડન
બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો
રજત જયંતી મહોત્સવ,
અમેરિકામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા
અને ચેરીહીલ પાટોત્સવ પ્રસંગે અને
શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોના
૧૫ માં પાટોત્સવ પ્રસંગે અને સત્સંગ પ્રચારાર્થે વિચરણ.



## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જુલાઈ-૨૦૧૩)**

૨૨ જુલાઈ થી ૧૨ ઓગસ્ટ, શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન લંડન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો રજત જયંતી મહોત્સવ અને ત્યાંથી અમેરિકામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા અને ચેરીહીલ પાટોત્સવ પ્રસંગે અને શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોના ૧૫ માં પાટોત્સવ પ્રસંગે અને સત્સંગ પ્રચારાર્થે વિચરણ.

# યજ્ઞોપવિત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



વેદોમાં સોળ સંસ્કારનો વિધિ કહ્યો છે. તે પૈકીના અતિ મહત્વનો યજ્ઞોપવિત સંસ્કાર છે. યજ્ઞોપવિત સંસ્કારને જનોઈ, વ્રતબન્ધાન, ઉપનયન, યજ્ઞસૂત્ર, સવિતાસૂત્ર, બ્રહ્મસૂત્ર વિગેરે નામોથી વર્ણન કરેલ છે. વર્ણાશ્રમના ધર્માનુસાર ત્રણ વર્ણને યજ્ઞોપવિતનો અધિકાર છે. ગર્ભધારણથી આઠમે વર્ષે બ્રાહ્મણ યજ્ઞોપવિત ધારણ કરે. તેમાં વિષ્ણુના વચન છે કે, ધનની ઈચ્છાવાળા છઠ્ઠા વર્ષે વિદ્યાની ઈચ્છાવાળા સાતમા વર્ષે, સમસ્ત કામનાઓની પૂર્તિ માટે આઠમાં વર્ષે, શક્તિ અને બળની ઈચ્છાવાળા નવમા વર્ષે યજ્ઞોપવિત ધારણ કરે. નિર્ણય સિન્ધુમાં કહ્યું છે કે, આપત્કાળમાં બ્રાહ્મણ વધુમાં વધુ સોળ વર્ષ સુધીમાં તથા ક્ષત્રિય બાવીશ વર્ષ સુધીમાં અને વૈશ્ય ચોવીશ વર્ષ સુધીમાં યજ્ઞોપવિત સંસ્કાર કરી લે. ત્યાર પછી ગાયત્રીનો અતિવર્તનનો દોષ લાગે છે. યજ્ઞોપવિતનો સમય કહેવામાં આવ્યો છે કે બ્રાહ્મણ વસંતઋતુમાં, ક્ષત્રિય ગ્રીષ્મ ઋતુમાં, વૈશ્ય વર્ષા ઋતુના અંતમાં યજ્ઞોપવિત સંસ્કાર કરે.

તેમાં પણ બાળકનું જન્મ નક્ષત્ર, માસ, તિથિ, વારના દિવસે નિષેધ છે. ચંદ્ર નક્ષત્રોમાં હસ્ત, ચિત્રા, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, જ્યેષ્ઠા, મૃગશિર્ષ, પુષ્ય, અશ્વિની, રેવતી ઉત્તમ ગણાય છે. વારમાં બુધ, ગુરુ, શુક્ર ઉત્તમ છે. રવિ મધ્યમ સોમ કનિષ્ઠ છે.

યજ્ઞોપવિત સંસ્કાર વડે વેદાધ્યયન, યજ્ઞાદિકર્મ, હોમાત્કમ કર્મ આદિનો અધિકાર મળે છે.

યજ્ઞોપવિત આપવાનો પ્રથમ અધિકાર પિતા, તેના અભાવમાં દાદા તેના અભાવમાં કાકા, તેના અભાવમાં સોદર એટલે બે પેઢીના તેના અભાવમાં સગોત્ર આપી શકે છે.

ઉપનયન એટલે ઉપ પાસે નયન એટલે લઈ જવું પરબ્રહ્મ પાસે લઈ જનાર સંસ્કારને ઉપનયન સંસ્કાર કહેવાય છે.

યજ્ઞોપવિતમાં મુખ્ય ત્રણ ધાગા (દોરા) હોય છે. અને એક દોરામાં વળી ત્રણ તંતુ એમ કુલ નવ તંતુની યજ્ઞોપવિત બને છે. આ નવ તંતુમાં નવ દેવોનું આવાહન સ્થાપન પૂજન હોય છે. અનુક્રમે ૐકાર, અગ્નિ, નાગ, સોમ (ચંદ્ર), ઈન્દ્ર, પ્રજાપતિ, વાયુ, સૂર્ય, વિશ્વદેવ (પિતૃઓના અધિષ્ઠાતા) એમ કુલ નવ દેવોનો નિવાસ હોય છે. વળી ગ્રન્થી (ગાંઠ)માં બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું આવહન પૂજન કરવામાં આવે છે. એમ કુલ મળીને ૧૨ દેવોનો નિવાસ યજ્ઞોપવિતમાં રહે છે. એથી તેમાં તેને દેવોની શક્તિથી સમ્પન્ન પૂર્ણ યજ્ઞોપવિત છે. એટલે તેની મર્યાદા ઉપરોક્ત દેવોને ધ્યાનમાં રાખીને રાખવી. યજ્ઞોપવિતના બદલાવવાના સમયમાં પુનઃ ઉપરોક્ત દેવોનું આવાહ્ન પૂજન કરી દશવાર ગાયત્રી મંત્રનો જપ કરી પુનઃ ધારણ કરવી.

યજ્ઞોપવિત ક્યારે બદલાવવી તો, પ્રતિ વર્ષ શ્રાવણીનો દિવસ આવે છે. ચારેય વેદોની અલગ અલગ શ્રાવણીનું વ્રત આવે છે. જેમ શ્રાવણની પૂર્ણિમાએ શુકલ યર્જુ અર્થ વેદની શ્રાવણીના દિવસે બદલવી. સામદેવીને ભાદરવામાં શ્રાવણીના દિવસે બદલવી. વળી દર ચાર માસે નવીન યજ્ઞોપવિત ધારણ કરવી. વળી સ્મશાનમાં અગ્નિ સ્પર્શથી, શબનો સ્પર્શથી, રજસ્વલા સ્પર્શથી, પ્રસૂતા સ્પર્શથી, જન્મ મરણના સૂતના અંતે, સૂર્ય અને ચંદ્રના ગ્રહણ પછી, અન્ય કારણથી તુટી જવાથી, બદલવી. એવા સમયમાં નવી યજ્ઞોપવિત પહેરવામાં ન આવે ત્યાં સુધી મૌન પાળવું. જીર્ણ યજ્ઞોપવિતને જે તે દેવોનું વિસર્જન કરી જળપ્રવાહ અથવા વૃક્ષના મૂળમાં પધરાવવી.

બ્રહ્મચારી ત્રણ ધાગાની એક જનોઈ પહેરે. ઉતરીય વસ્ત્રના અભાવમાં બે જનોઈ પહેરે. ગૃહસ્થાશ્રમી બે

જનોઈ પહેરે અને ઉતરીય વસ્ત્રના અભાવમાં ત્રણ પહેરે. જનોઈની લંબાઈની બાબતે નિર્ણય સિન્ધમાં કહ્યું છે કે, નાભિ પર્યન્ત લંબાઈ રાખવી. નાભિ કરતાં ઉંચી અને વધુ નીચી રાખનાર અતિ દોષનો ભોક્તા બને છે. ખ્યાલ રહે કે બાર દેવોનો નિવાસ હોય તો તે કટી ભાગથી નીચે સ્પર્શ ન કરે. વસિષ્ઠ ઋષિએ કહ્યું છે કે, નાભિથી ઉંચી જનોઈ આયુષ્યનો નાશ કરનાર અને નાભિથી નીચે તપનો નાશ કરનાર છે. યજ્ઞોપવિત વિના ભોજન અથવા મલમૂત્રનો ત્યાગ કરનારને આઠ હજાર ગાયત્રીના પાઠનું પ્રાયશ્ચિત કરવું પડે. જનોઈમા પ્રતિષ્ઠિત દેવોની મર્યાદા યથાવિધિ પાળવી. જનોઈમાં ચાવી બાંધવી નહિ કે અન્ય કોઈ વસ્તુ બાંધવી નહિ. મળમૂત્રનો ત્યાગ કરવાના સમયે કર્ણ ધારણ (જમણા કાને ચડાવવી). પવિત્ર થયા બાદ ઉતારીને જનોઈનો સ્પર્શ કરી વંદન કરવા. ત્રિકાળ સંધ્યા અને પૂજા કર્મની શરૂઆતમાં વંદન કરવું. યજ્ઞોપવિત ધારણ કરવાથી બલ, બુદ્ધિ, આયુષ્ય, સંપત્તિની વૃદ્ધિ થાય છે અને પરમપદની પ્રાપ્તિ કરાવનાર છે. યજ્ઞોપવિત સંસ્કારથી દ્વિજ બને છે એટલે બીજો જન્મ ગણાય છે. પૂર્વ જન્મ જન્માંન્તરનું પ્રાયશ્ચિત અને આ જન્મમાં સત્કર્મનો અધિકાર મળે છે. જનોઈ કપાસના સૂત્ર વડે બનેલી હોવી જોઈએ. આજકાલ પોલીસ્ટર પોલીથીન જેવા અનેક રાસાયણિક પદાર્થોમાંથી બનાવેલ જનોઈ પહેરવી નહિ. જેમ પથ્થરમાં ભગવાન હોતા નથી પણ પથ્થરની મૂર્તિમાં તે તે દેવનું આવાહન સ્થાપન કરવામાં આવતાં પૂજાવા યોગ્ય ગણાય. એમ માત્ર ધાગા પહેરવાથી નહિ પરંતુ તેમાં બાર દેવોનું આવાહ્‌ન સ્થાપન કરવાથી બ્રહ્મસૂત્ર બને છે.

આવાહ્‌ન કરવાની વિધિ : અક્ષત અથવા પુષ્પ અથવા ચંદન વડે વસ્ત્ર પર જનોઈ પધરાવીને આ મુજબ મંત્ર બોલી અક્ષત ચડાવવા.

प्रथमतन्तौ ॐ ओंकारमावाहयामि । द्वितीय तन्तौ ॐ अग्निमावाहायामि । तृतीय तन्तौ ॐ सर्यांना वाहयामि । चतुर्थ तन्तौ ॐ सोममावाहयामि । पञ्चम तन्तौ ॐ पितृना वाहयामि । षष्ठम तन्तौ ॐ प्रजापति मवाहयामि । सप्तम् तन्तौ ॐ अनिलमावाहायामि । अष्टम तन्तौ ॐ सूर्यमावाहयामि । नवम तन्तौ ॐ विश्वान् देवानावाहायामि । प्रथम ग्रन्थौ ॐ ब्रह्मणेनमः ब्रह्माणमावाहायामि । द्रितीय ग्रन्थो ॐ विष्णवेनमः विष्णुमावाहयामि । तृतीय ग्रन्थौ ॐ रुद्रायनमः रुद्रमांवाहयामि ।

इति मंत्रेण देवाः यथास्थानं न्यसामि ।

ॐ यज्ञोपवितं परमं पवित्रं प्रजापतेर्यत् सहजं पुरस्तात् ।<br>
आयूष्यमग्रयं प्रतिमुञ्च्य शुभ्रं यज्ञोपवितं बलमस्तु तेजः ॥

આ મંત્ર બોલીને જનોઈ પહેરવી

જીર્ણ જનોઈનો વિસર્જન વિધિ -

एतावद्दिन पर्यन्तं ब्रह्मत्वं धारितं मया ।<br>
जीर्णत्वात् त्वत्परित्यागो गच्छ सूत्र यथा सुखम् ॥

મળ-મૂત્ર વિસર્જનના સમયે જનોઈને કર્ણ ધારણ કરવાનું રહસ્ય તે બાર દેવોને કર્ણપર ધારણ કરવામાં આવે છે તેથી અશૌચ ક્રિયાનો દોષ તે દેવો નો અપરાધ લાગતો નથી. એટલે કે તે દેવોને કર્ણપર ધારણ કરવામાં આવે છે.

**વ્રત ઉત્સવના નિર્ણયમાં સુધારીને વાંચવું**

ભાદરવા સુદ-૨ શનિવાર તા. ૭-૯-૧૩ ના રોજ શ્રી સામવેદીય શ્રાવણી સામવેદી બ્રાહ્મણોએ જનોઈ બદલવી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫<br>
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# અયોધ્યા મંદિરમાં
# પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે ધર્મભક્તિ યાત્રી નિવાસ ઉદ્‌ઘાટન એવં ઠાકોરજીનો ૯૯ મો વાર્ષિક પાટોત્સવ

સંકલન : મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર)

સર્વાવતારી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ચરણ કમળથી પાવન મર્યાદા પુરુષોતમ શ્રી રામચંદ્ર ભગવાનની જન્મ ભૂમિ અયોધ્યાપુરીમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૯૯ મો વાર્ષિક પાટોત્સવ તેમજ નૂતન ભવ્ય અને આધુનિક સુવિધાથી નિર્મિત ''શ્રી ધર્મભક્તિ યાત્રી નિવાસ''નું ઉદ્‌ઘાટન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીએ આયોજન કરી અષાઢ સુદ-૪ તા. ૧૨-૭-૨૦૧૩ ના રોજ અયોધ્યા મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો વૈદિક અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. તેમજ 'શ્રી ધર્મભક્તિ યાત્રી નિવાસ'નું મંગલ ઉદ્‌ઘાટન પણ અષાઢ સુદ-૨ રથયાત્રાના 'પુષ્ય' નક્ષત્રમાં વિધિસર સવારે ૮-૩૦ કલાકે સંતો હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ સાથે કરવામાં આવ્યું. આ પ્રસંગના ઉપલક્ષમાં 'શ્રી ઘનશ્યામ બાળચરિત્ર', ત્રિદિનાત્મક કથા તા. ૧૦-૭-૨૦૧૩ થી તા. ૧૨-૭-૨૦૧૩ પર્યન્ત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા)ના વક્તાપદે થઈ હતી.પ.પૂ. મોટા મહારાજશ્રીએ ગ્રંથ અને વક્તાનુ પૂજન કરી કથાનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર), છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી, શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર)એ અયોધ્યા મંદિરમાં નિર્માણ થયેલ ''ધર્મભક્તિ યાત્રી નિવાસ''ના એરકંડીશન રૂમોની અદ્યતન સુવિધાઓ તેમજ અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીના પુરુષાર્થને બિરદાવી ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ્રથમ દિવસે પારાયણના યજમાન પ.ભ. કાન્તિભાઈ માવજીભાઈ વિશરામ ખીમાણી પરિવાર બોલ્ટન (યુ.કે.) તથા સહ યજમાન પ.ભ. કાંતિભાઈ કેશરા ભુડીયા ફોટડી હાલ (યુ.કે.) તથા પ.ભ. સાંખ્યયોગી શાન્તાબા પાટડી તથા સાંખ્યયોગી ગીતાબા વિરમગામ તથા સાં.યો. રંજનબા તથા સાં.યો. આનંદીબા તથા પાટોત્સવના યજમાન ઠક્કર બાબુલાલ કેશવલાલ પાટડી વતી પ.ભ. શ્રી કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણીએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું અર્ચન પૂજન કરી આરતી ઉતારી અલૌકિક લાભ લીધો હતો.

આ પ્રસંગે અમદાવાદથી પધારેલ સંદિપભાઈ ચોકસી, ભાર્ગવ ડી. પટેલ, નરેશભાઈ ભાવસાર, રાજુભાઈ જાદવ, મુકેશભાઈ પરમાર, મુકેશભાઈ પટેલ, રાજેશભાઈ, ધર્મેન્દ્રભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ ખરસાણી, જતીનભાઈ પટેલ, હરગોવનભાઈ નારાયણપુરા, દિપકભાઈ સોની, મુળજી ભગત, નિલેસ ખરસાણી, રોહિત પટેલ અને ભાવેશ પટેલ વિગેરેએ પૂ. મોટા મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કરી અયોધ્યા મંદિરની સેવામાં સાથ સહકાર આપ્યો હતો.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આવા અદ્યતન ઉતારા નિહાળી રાજી થઈ મહંત સ્વામી દેવપ્રસાદદાસજીનું બહુમાન કરી શાલ ઓઢાડી સભામાં શુભાશીષ પાઠવ્યા હતા.

મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને છપૈયા મહંત સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી એ પણ શાલ ઓઢાડી મહંત સ્વામીનું સન્માન કર્યું હતું. સભામાં સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, મહંત સ.ગુ. બ્ર. સ્વા.

વાસુદેવાનંદજી, સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી (ગઢડા) અને વડનગર મંદિરના કોઠારી સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ પણ અદ્યતન ઉતારા નિહાળીને મહંત સ્વામીની સેવાને બિરદાવી પાટોત્સવ અને કથાના યજમાનની સેવાને પણ બિરદાવી હતી.

**અંતમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાની અમૃતવાણી દ્વારા શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે અમોને અહીં આવી ખૂબ આનંદ થયો. પહેલાં આ મંદિરની પરિસ્થિતિ ખૂબજ નબળી હતી. છપૈયા મંદિરથી સામાન આવતો અને આ મંદિરનો નિભાવ થતો. અહીં આજે છપૈયા મંદિરના મહંત સ્વામીને ભલામણ છે કે આ મંદિરનું ધ્યાન રાખે. અમોને આજે આ મંદિરની પ્રગતિ, ઉન્નતિ જોઈ ખૂબ આનંદ થાય છે. અત્યારે બધા સુવિધાઓ માગે છે. આજના સમયમાં સુવિધા આપવી જરૂરી છે. સૌના સાથ સહકારથી નૂતન સુવિધા યુક્ત ઉતારાનું નિર્માણ અહીંના મહંત સ્વામી દેવ સ્વામીએ કર્યું છે તે પ્રસંશનીય અને ધન્યવાદને પાત્ર છે. સાથે સાથે જે જગ્યાએ શ્રીહરિએ ચરિત્રો કર્યા તે જગ્યાએ બેસી તે ચરિત્રોની કથા શ્રવણ કરવાનો પણ ખૂબ આનંદ પ્રાપ્ત થયો.** છેલ્લે પ.ભ. કરશનભાઈ રાઘવાણી તેમજ કથાના યજમાન તથા પાટોત્સવના યજમાનની સેવાને બિરદાવી સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આભારવિધિ મુળીના પાર્ષદ ભરત ભગતે કરી હતી, તેમજ અયોધ્યા મંદિરના સેવકો ભૂપત ભગત, સુમિત ભગત, ગોર સંદેશપ્રસાદ તિવારી, હિતેશ ભગત અને મુળજી ભગતે આ પ્રસંગે ખૂબ જ સારી સેવા કરી હતી. સભા સંચાલન વડનગર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સંભાળ્યું હતું. આ પ્રસંગે ધામો ધામના સંતો પૈકી જે.પી. સ્વામી (જુનાગઢ), સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા જે.પી. સ્વામી (મુળી), અલ્હાબાદથી રામ સ્વામી અને કમલેશ ભગત તેમજ સ્વામી ભાનુપ્રકાશદાસજી, અમદાવાદથી શ્રીનરનારાયણદેવના પૂજારી સ.ગુ. બ્ર. સ્વામી પૂજારી રાજેશ્વરાનંદજી તથા સ્વામી યોગેશ્વરદાસજી ગુરુ મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને પાર્ષદ બાબુ ભગત પ્રસંગમાં હાજર રહ્યાં હતાં.

આ પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આગામી અયોધ્યા મંદિરનો ૧૦૦ મો (શતાબ્દી મહોત્સવ) ધામધૂમથી ઉજવાય તેવી મહંત સ્વામીને પ્રેરણા આપી હતી. તેમજ આ શુભ પ્રસંગે પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અયોધ્યા મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવને દૂધ ધરાવવા મૂર્તિમાન ગાયનું દાન આપી ગૌપૂજન કર્યું હતું.

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રીસ્વામિનારાયણ અંકના થયેલા આજીવન સભ્યો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો ૧૧૪૧ બનાવવાના છે તે પૈકી થયેલા સભ્યો. પ્રેરક સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) અને સ.ગુ. જે.કે. સ્વામી કોઠારી (અમદાવાદ)

- ૪૧ સભ્યો પ.ભ. ચંદ્રેશભાઈ જશુભાઈ પટેલ (આકરૂંદ-બાયડ) દ્વારા
- ૧૧૪ સભ્યો શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર
- ૧૦૪ સભ્યો શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર.
- ૧૪ સભ્યો શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, નારાયણઘાટ
- ૨૭ સભ્યો શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, સાબરમતી.

ગામો ગામ અને શહેરોમાં અંકના સભ્યો બનાવવાની ઝુંબેશ ચાલુ છે.

**શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી અમદાવાદ શ્રીનરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા લેવાતી **આગામી પરીક્ષા તા. ૨૨-૧૨-૨૦૧૩ ને રવિવારે જે** તે સ્થાનિક કેન્દ્રો ઉપર લેવામાં આવશે. ચાલું સાલે બાળ સત્સંગ તથા કિશોર સત્સંગ એમ બે વિભાગની નવા અભ્યાસ ક્રમ મુજબ પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષામાં ભાગ લેનારની યાદી સંચાલકશ્રીઓએ તા. ૩૦-૧૦-૧૩ સુધીમાં અત્રે નીચેના સરનામે મોકલી આપવી.

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

# શિક્ષાપત્રી શ્લોક ૩૬ અને ૬૩

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રીહરિએ સર્વે જીવોના આત્યંતિક કલ્યાણને સારું સ્વયં શિક્ષાપત્રી લખી અને આપણને તે જ પ્રમાણે વર્તવા અનુરોધ કર્યો. આ શિક્ષાપત્રીમાં જણાવેલી આજ્ઞાઓનું હાર્દ સચવાય તે રીતે જો તે પાળવામાં આવે તો જ શ્રીહરિનો રાજીપો થાય.

આ આજ્ઞાઓમાં ઘણી આજ્ઞાઓ નિત્ય પ્રત્યે પાળવાની છે, ઘણી વર્ષમાં એકાદ વખત પાળવાની છે, ઘણી ક્યારેક પાળવાની છે, ઘણી હકારાત્મક અર્થાત્ આમ જ કરવું, તો ઘણી નકારાત્મક અર્થાત્ આમ ક્યારેય ન જ કરવું ઈત્યાદિ છે.

આ લઘુ લેખમાં આપણે શ્લો. ૩૬ અને શ્લો. ૬૩ ની આજ્ઞાઓ અંગે જોઈએ. શ્લો. ૩૬ માં હરિભક્ત માત્રે નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો અને શ્લો. ૬૩ માં હરિભક્ત માત્રે નિત્ય પ્રત્યે મંદિરમાં સાયંકાળે જઈને ભગવાનનું કીર્તન કરવાની આજ્ઞા છે.

આખા દિવસની અનેકવિધ પ્રવૃત્તિઓ કર્યા બાદ સાયંકાળે મંદિરમાં જઈને, પરમાત્મા સમક્ષ દીન ભાવે દિવસમાં જાણે અજાણે જે પાપકર્મો થયાં હોય, જે ભૂલો થઈ હોય તેનું પ્રાયશ્ચિત માળા-દંડવત કરીને કરવું અને એમ પ્રાર્થના કરવી કે હે મહારાજ ! કામક્રોધ લોભને વશ થઈને મે અધર્મથી ધન-લક્ષ્મી મેળવવા પુરુષાર્થ કર્યો હોય તો પણ તેનું ફળ મને દેશોમાં - અધર્મની લક્ષ્મીનો મારા ઘરમાં પ્રવેશ થવા દેશોમાં. અધર્મની લક્ષ્મીને નહિ સ્વીકારવા માત્રથી જ આપણા મોટા ભાગના પ્રશ્નોનું નિરાકરણ આવી જ જશે.

આજના યુગમાં ઘણા એવું માને-મનાવે છે કે, મંદિરમાં થતી સાયં આરતીના ઈન્ટરનેટ ઉપર લાઈવ દર્શન કરી લઈએ તો મંદિરે રૂબરૂ જવાની જરૂર નથી ! વિદેશમાં રહેતા હરિભક્તો માટે આ કદાચ ઠીક છે પણ આપણે સમજવું જોઈએ કે, મંદિરમાં આરતી સમયે થતો ઘંટારવ એક પ્રકારના પવિત્ર ધ્વનિ તરંગો ઉત્પન્ન કરે છે અને તે ધ્વનિ-તરંગો જ્યારે આપણને સ્પર્શે છે ત્યારે આખાય અંગમાં પ્રભુ પ્રસાદ પામ્યાનો ઊન્માદ છવાઈ જાય છે. મંદિરમાં થતી આરતી સાંભળવી, જોવી અને અનુભવવી જોઈએ અને તેની સાથે આપણે પણ ઊચ્ચ સ્વરે કરીને આરતી કરવી જોઈએ. ઈન્ટરનેટના માધ્યમથી આરતી સાંભળી શકાય, જોઈ શકાય પણ અનુભવવી હોય તો રૂબરૂ મંદિરે જવું જ પડે. મંદિરમાં રૂબરૂ બોલાવવાનો શ્રીહરિનો આગ્રહ પણ એટલા માટે જણાય છે કે, તેટલો સમય આ જીવ જગતની માયામાંથી દૂર રહે અને પરમાત્માનું સાનિધ્ય માણે. અમદાવાદ-શ્રીનરનારાયણદેવ કે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ સમક્ષ અનિમેષ નયને દર્શન કરીએ અને તે દેવોના સિંહાસનના ઉંબરા ઉપર મસ્તક નમાવીએ અને જે અનુભૂતિ આ જીવને થાય તેવી અનુભૂતિ કોમ્પ્યુટરના સ્ક્રીન ઉપરના દર્શનથી ન થાય. મંદિરમાં રૂબરૂ જવાથી પંચ કર્મેન્દ્રિયો અને પંચ જ્ઞાનેન્દ્રિયો પરમાત્મામાં લીન થાય છે જ્યારે કોમ્પ્યુટરના સ્ક્રીન ઉપર દર્શન કરવાથી બધી ઈન્દ્રિયોને પરમાત્માનો આનંદ આવતો નથી.

વળી હરિભક્તએ પણ ખ્યાલ રાખવો ઘટે કે, જે મંદિરમાં શ્રીહરિએ સ્વયં અથવા તો ધર્મવંશી આચાર્યોએ મૂર્તિ પ્રતિષ્ઠા કરી હોય તેવાં જ મંદિરોમાં જવાની આ આજ્ઞા છે. શિક્ષાપત્રી શ્લો. ૬૨ માં શ્રીહરિએ સ્પષ્ટતા કરી જ છે કે ક્યાં તેમનો નિવાસ છે. માટે હરિભક્તે નજીક હોય તેવા મંદિરોમાં નહિ, પણ જ્યાં શ્રીહરિનો વાસ છે તેવાં મંદિરોમાં જવું.

ઘણા એવી દલીલ કરે છે કે, શિ.શ્લો. ૬૨ માં જણાવ્યા પ્રમાણેના મંદિર મારા ઘેરથી ઘણું દૂર છે - આપણે વિચારીશું તો જણાશે કે, લાખમણ લોઢાનો ગોળો હવાના લસરકે ઘસાતો ઘસાતો રજ જેવો રહે તેટલે દૂર છેક અક્ષરધામથી અહીં આવીને શ્રીહરિએ આપણા માટે મંદિરોનો પ્રબંધ કર્યો અને તોય આપણે કહીએ કે મંદિર દૂર છે ! જેના એક રોમમાં અનંત કોટી બ્રહ્માંડ ઊડતાં ફરે છે તેવા મોટા શ્રીહરિએ આપણા માટે મંદિરો બંધાવ્યા અને તોય આપણને તે દૂર લાગે છે ! આમાં સમજણ અને શ્રધ્ધાનો સવાલ છે.

કોમ્પ્યુટરના સ્ક્રીન ઉપરનાં દર્શન તો આપત્કાળની વાત છે. શારીરિક મુશ્કેલીઓ હોય, શૌચ-અશૌચની મુશ્કેલી હોય અને મંદિરે ન જ પહોંચી શકાય તેમ હોય તો, ઈન્ટરનેટ ઉપર લાઈવ દર્શન કરવા એ ક્ષમ્ય છે. પણ અલ્પ આપત્કાળને મહત્આપત્કાળ ગણીને તેમ જ નિત્ય પ્રત્યે વર્તવું ઠીક નથી. શ્રીજીએ આપણને મંદિરમાં જવાની

આજ્ઞા કરી ત્યારે આપણે ડહાપણ કરીને મંદિરને જ ઘરમાં લઈ આવીએ છીએ ! માટે સમજણ રાખીને આપણે ખટકો રાખીને મંદિરે જવું પરંતુ માત્ર કોમ્પ્યુટરના સ્ક્રીન ઊપર દર્શન કરીને શ્લો. ૬૩ ની આજ્ઞા પાળ્યાનો સંતોષ ન લેવો.

(શ્રીહરિએ કે ધર્મવંશી આચાર્યોએ પધરાવેલી મૂર્તિઓમાં સાક્ષાત્ શ્રીહરિનો વાસ છે. તેમાં રહીને શ્રીહરિ આપણને દર્શન આપે છે. કોઈ વ્યક્તિને આપણે રૂબરૂ મળીએ તો તે આપણી સાથે વાતો કરે અને સમાસ થાય પણ તેનો ફોટો કાંઈ આપણી સાથે વાતો ન કરે ! કોમ્પ્યુટરના કે ટી.વી.ના સ્ક્રીન ઉપર સાક્ષાત્ શ્રી નરનારાયણદેવ કે શ્રી લક્ષ્મીનારાયણદેવ હાજર થાય નહિ. મોટા સંતો અને હરિભક્તો દેવની આ જ મૂર્તિઓ સાથે વાર્તાલાપ કરતા તે ઈતિહાસ પણ સંપ્રદાયના શાસ્ત્રોમાં છે. શ્રીહરિ આપણને દર્શન આપવા દરરોજ મંદિરમાં આપણી રાહ જોઈને ઊભા છે અને અહીં આપણે માત્ર તેમના ફોટાના દર્શન કરીને સંતોષ માણીએ છીએ ! આ એક જ સંપ્રદાય એવો છે કે જ્યાં ભગવાન પોતાના ભક્તોની રાહ જુએ છે અને ભક્તો પણ સ્નેહરૂપી દોરીએ કરીને ભગવાનને બાંધી રાખે છે.)

આજ પ્રમાણે શ્લો. ૩૬ માં શ્રીહરિએ કહે છે તેમ નિત્યપ્રત્યે સાધુનો સમાગમ કરવો. એકાંતિક ધર્મવાળા સાધુપુરુષ પાસે બેસીને તેમનો ઊપદેશ સાંભળવો, તેમની સેવા કરવી, આપણા સ્વભાવ ઊપર તેમની ટીકા સહન કરવી, સત્શાસ્ત્રો અંગે આપણને મુંઝવતા પ્રશ્નો તેમને પૂછવા, આપણે કરેલી ભૂલો/પાપોનું તેમની પાસે પ્રાયશ્ચિત માંગવું, તેમની પાસેથી કથાવાર્તા-કીર્તન ભક્તિ ઈત્યાદિ શીખવું આ બધી બાબતોને સાધુનો સમાગમ કહેવાય. માત્ર કેસેટ ઊપર કથા સાંભળવાથી, તે કથાનું લાઈવ દર્શન શ્રવણ કર્યાથી 'સમાગમ' કરવો તેનું હાર્દ જળવાતું નથી. મોટા પુરુષની સાથેની સોબત આ જીવને ઘણા દૂષણોથી તારે છે. તેમની સેવાએ કરીને તેમના રાજીપાનો લાભ મળે. તેમણે આપેલ પ્રાયશ્ચિત કરવાથી જે તે પાપમાંથી આપણો છૂટકારો થાય, આ જીવ ઊપર મોટા પુરુષની અમીદૃષ્ટિ માત્રથી જ, આ જીવને પવિત્રતાનું અમૃતપાન થાય છે.

આજના યુગમાં ઘણા એવી દલીલ કરે છે કે, એવા સંતો ક્યાં છે ? આપણે સમજવું રહ્યું કે, અગાઉના જેવા હરિભક્તો હતા તેવા આપણેય ક્યાં છીએ ! આપણે તો આજ્ઞા પાલન વગર રસ્તામાં કલ્યાણ શોધવાની વાતો કરીએ છીએ ! નંદ સંતોના જ શિષ્ય એવા આજના આ સંતો મહંતો છે. તેમની સેવા સમાગમથી આપણને નંદ સંતોની સેવાનું પુણ્ય મળશે. કારણ કે તેઓએ શ્રીહરિની ચુંદડી ઓઢી છે ! જે સંતોએ ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા લીધી છે. તેમનામાં લૌકિક ભાવ લાવવો નહિ. સંતોને હંમેશા ગુરુપણે કરીને સેવવા પણ તેમની સાથે ક્યારેય બરોબરીયાપણું રખાય નહિ. જો આપણે જ તેમની પાસે હરિકથાની અપેક્ષા રાખીશું તો ત્યાં ગ્રામ્ય વાર્તાનું સ્થાન જ નહિ રહે. ઘણા વળી એવું કહે છે કે સંતોને સમય જ ક્યાં છે? આપણે એ સમજવું રહ્યું કે, જે જીવે આ સંસાર મૂકી દઈને માત્ર શ્રીજીની સેવા સારું ભેખ ધારણ કર્યો છે તેમની માટે આમ બોલવું ઠીક નથી. આપણને સંતો માટે કેટલો સમય મળે છે તે વિચારવું. આજે પણ અમદાવાદ દેશની ગાદીના સ્થાનકોએ ઘણા વયોવૃદ્ધ સંતો છે કે જેઓ હરિભક્તોની કથાવાર્તાની ભૂખ ભાંગવા જ બેઠા છે. પણ આપણે તેમને અનુકૂળ હોય તેવા દિવસ-સમયે તેમની પાસે જવું જોઈએ આજના યુગમાં કથા કીર્તનની કેસેટો સાંભળી-જોઈને આપણે શ્લો. ૩૬ ની આજ્ઞા પાળી છે તેવું ન કહેવાય. શ્રીહરિને પામવા માટેનું સૌથી પહેલું પગથિયું સંત સમાગમ છે. અને હરિભક્તે ખટકો રાખીને તે પ્રમાણે વર્તવું.

(હરિભક્તે સંત પાસે જ્યારે જવું હોય ત્યારે ક્યારેય એકલા ન જવું પણ જોડમાં-સમૂહમાં જવું. સંતને આસને નહિ પરંતુ સભામંડપમાં જ અથવા તો મંદિરમાં જ સંતસમાગમ કરવો. અયોગ્ય સમયે સંતને આસને જવાય નહિ. સંતોની અન્નવસ્ત્રે દવાપાણી વિગેરેથી સેવા કરવી. તેમની પાસે બેસીને ક્યારેય ગ્રામ્યવાર્તા કરવી નહી. મંદિરમાં વહીવટી અધિકારીઓ સિવાયનાએ ક્યારેય મંદિરના વહીવટમાં દખલ ન કરવી. જે થાય છે તે સર્વે, શ્રીહરિની ઈચ્છાથી જ થાય છે તેવો દૃઢ વિશ્વાસ રાખવો.)

મોટા સંતને દર્શને જઈએ ત્યારે ઠાલે હાથે ન જવાય તેથી આપણને કંઈક અંશે તેમની અન્ન-વસ્ત્રે-ફળ-ફૂલે કરીને સેવાનો લાભ મળે. સંત મંદિરમાં જ હોય તેથી આપણને દેવ-દર્શનનો લાભ મળે. સંતની સમક્ષ બેસવાથી તેટલા સમય સુધી ઈન્દ્રિયોની ચંચળતા ઓછી થઈ જાય, ધ્યાનથી તેમનો ઉપદેશ સાંભળવાથી મનની એકાગ્રતા જળવાય. તેમની સમક્ષ જવાથી આપને મોટા પુરુષ પાસે બેસવા - ઊઠવા - વર્તવા - બોલવાનો વિવેક આવડે. તેમના સ્પર્શે કરીને પવિત્ર થવાય. તેમને દંડવત પ્રણામ કર્યાથી અહંકાર નાબૂદ થઈને દાસભાવ આવે. તેમની સાદગી પવિત્રતાને જોઈ-જાણીને શ્રીહરિના નંદ

સંતોની અનુભૂતિ સહેજ જ થાય. અને તેથી જ શ્રીહરિએ આપણને સાધુનો સમાગમ નિત્ય પ્રત્યે રાખવાનું કહ્યું છે.

ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા લીધી હોય તે સાધુ આવી મોટપને પામે છે. તો તે દીક્ષા આપનાર ધર્મવંશી આચાર્યની મોટપ કેટલી બધી હોય ! ધર્મવંશી આચાર્યશ્રી તો શ્રીહરિનું જ અપર સ્વરૂપ છે માટે તેમનો સમાગમ, સેવા, અર્ચન-પૂજા પણ શ્રીહરિની જેમ જ કરવું. સાધુની સેવા અન્ન વસ્ત્રે, ફળ-ફૂલે દવા-પાણી ઈત્યાદિથી કરવી એ ગૃહસ્થનો ધર્મ છે.

ટૂંકમાં આજના યુગમાં શ્લો. ૩૬ અને શ્લો. ૬૩ ની આજ્ઞા પાળવા માટે સમજણ અને ખટકો જરૂર રાખવો. માત્ર કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર નજર નાખી લેવા માત્રથી આ આજ્ઞાનું પાલન થતું નથી.

## સંવત ૨૦૬૯-૭૦ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| | **પાંચ વર્ષ માટે (૬૬-૬૭ થી)** |
| **પોર-વાવોલ** | સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| **ધમાસણા** | શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) |
| **અસલાલી** | શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ પી.પી. સ્વામી (કોટેશ્વર) |
| **કણભા** | સ્વામી નિલકંઠદાસજી ગુરુ હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) |
| **બાલાસિનોર** | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| **આંતરોલી** | સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા) |
| **લુણાવાડા** | સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ નારાયણજીવનદાસજી (અમદાવાદ) |
| **મારૂસણા** | સ્વામી રઘુવીરચરણદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (સોકલી) તથા સ્વામી જગદીશપ્રસાદદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (ઈડર) |
| **ટ્રેન્ટ સીતાપુર** | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| **વિસનગર** | શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| **ખાખરીયા** | શાસ્ત્રી સ્વામી સ્વયંપ્રકાશદાસજી ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (જયદેવપુરા) |
| **પ્રાંતિજ-મોડાસા** | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (મથુરા) |
| | **પાંચ વર્ષ માટે (૬૯-૭૦ થી)** |
| **કપડવંજ** | સ.ગુ.શા. સ્વામી સુખનંદનદાસજી (અમદાવાદ) |
| **સાણંદ-ગોધાવી** | શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (અમદાવાદ) |
| **શિરોહી** | સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ્વામી હરિગોવિંદદાસજી (કાંકરિયા) |
| **વિહાર-ગેરીતા** | શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (અમદાવાદ) |
| **વડું - ડાંગરવા** | શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજી (સિધ્ધપુર) |
| | **વર્ષ પ્રમાણેની યાદી** |
| **બાલવા** | સ.ગુ.શા.સ્વામી આનંદપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણસેવાદાસજી (કાંકરિયા) |
| **સાદરા-વાસણા** | સ.ગુ. શા.સ્વામી નંદકિશોરદાસજી (સાપાવાડા મહંત) |
| **ભાત-કાસીન્દ્રા** | સ.ગુ. શા.સ્વામી નંદકિશોરદાસજી (સાપાવાડા મહંત) |
| **નળકંઠા** | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુનું મંદિર) |
| **વિરમગામ** | સ.ગુ.શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી ગુરુ સ્વામી ગુરુપ્રસાદદાસજી (કાંકરિયા) |
| **કડી-રાજપુર** | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુનુ મંદિર) |
| **લાંઘણજ** | સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ.શા.સ્વામી આનંદજીવનદાસજી (હરિદ્વાર) |
| **મોખાસણ** | સ.ગુ. માધવ સ્વામી ગુરુ દેવ સ્વામી (અયોધ્યા મહંત) |
| **સંતરામપુર** | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| **ઉંઝા** | અનુપમ સ્વામી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી (ધ્યાની સ્વામી) |

# શંભુ અને સતીએ બનાવેલી રસોઈ શ્રીહરિ જમ્યા

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રીજી મહારાજની આજ્ઞાઓનું પાલન કરવું એ આપણને મળ્યા એવા સર્વોપરી ભગવાન શ્રીહરિની આપણા ઉપર પ્રસન્નતાનું કારણ છે. આજ્ઞા અને ઉપાસના અક્ષરધામમાં પહોંચવાની બે પાંખો છે.

હરને હરિ બહુ વહાલા છે અને હરિને હર બહુ વહાલા છે. શિક્ષાપત્રીમાં તથા વચનામૃતમાં પણ મહારાજે શિવજીને યાદ કર્યા છે. શ્રીહરિ છપૈયામાં પ્રગટ થયા ત્યારથી લઈ અંતર્ધાન થયા ત્યાં સુધીમાં શિવજી અવાર-નવાર મહારાજનું દર્શન કરવા આવતા એવા અનેક પ્રસંગોની નોંધ આપણા નંદસંતોએ આપણા સચ્છાસ્ત્રોમાં કરી છે તેમજ આજે પણ શ્રીહરિના જ પ્રગટ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવનું દર્શન કરવા ભવબ્રહ્માદિક દેવો એટલે કે શિવજી અને બ્રહ્મા આદિક દેવો નિત્ય આવે છે એવો આપણા ગ્રંથોમાં ઉલ્લેખ છે.

સ.ગુ. આધારાનંદ સ્વામીએ વર્ણવેલ શિવ-પાર્વતીએ બનાવેલ રસોઈ જમવા રૂપ શ્રીહરિનું ચરિત્ર ખૂબ આનંદદાયક છે જેનું પવિત્ર શ્રાવણ માસને વિશે સ્મરણ કરીએ. વનવિચરણ દરમિયાન શ્રીહરિ હરિદ્વાર આવ્યા. હરિદ્વારની ઉત્તર બાજુ અગાધ ગંગા વહે છે. તેથી આગળ નજીકમાં એક મોટો પર્વત દેખાય છે. ગંગાનો મોટો ઘાટ સુંદર બાંધેલો છે, ત્યાં મહાદેવનું પૂર્વમુખે શિખરબંધ મંદિર હતું. શ્રીહરિએ ગંગા કાંઠે જઈને સ્નાન કર્યું. એ વખતે મહાદેવજી વિપ્રનું રૂપધારી શ્રીહરિની પાસે આવી ચરણમાં પડ્યા. શ્રીહરિનો હાથ પકડીને પોતાની જગ્યામાં લાવી આદરપૂર્વક ઉતારો આપ્યો ને નામ પૂછવા લાગ્યા. શ્રીહરિએ પોતાના સંક્ષિપ્ત પરિચય આપીને કહ્યું કે મૈં નૈષ્ઠિક વ્રત ધાર્યું છે. શ્રીહરિએ પોતાનો સંક્ષિપ્ત પરિચય આપીને કહ્યું કે મે નૈષ્ઠિક વ્રત ધાર્યું છે. શ્રી નરનારાયણ નૈષ્ઠિકોના આદર્શરૂપ છે માટે તેમના દર્શનને હું બહુ ઈચ્છું છું. તેથી તીર્થયાત્રામાં નરનારાયણના દર્શન કરવા જાઉં છું. ત્યારે વિપ્ર બોલ્યા કે તમો તો સાક્ષાત્ ઈશ્વર છો અને મને દર્શન દેવા આવ્યા છો.

શ્રીહરિની અનુમતિથી વિપ્રે રસોઈ કરવાનો પ્રારંભ કર્યો. ત્યાં સતી આવીને પૂછવા લાગ્યા કે તમે કોઈ દિવસ રસોઈ કરી નથી ને આજે શાથી કરવા લાગ્યા છો ? ત્યારે વિપ્ર બોલ્યા કે આ વર્ણી મહાનૈષ્ઠિક છે. તેમને જમાડવા માટે રસોઈ બનાવવી છે. ત્યારે સતી કહે છે કે, અનેક યુગ ગયા, શુક સનકાદિક ઘણાય નૈષ્ઠિકો અને સિધ્ધો આવ્યા તે બધાય તમારી સેવા કરે છે. ત્રિભુવનમાં તમારાથી કોઈ પર નથી, છતાં તમે આ વર્ણીની સેવા કરવા તત્પર થયા છો તેનો મને ભેદ સમજાવો. ત્યારે વિપ્ર બોલ્યા કે, ધ્યાનથી જુઓ તો જણાશે. સતીએ ધ્યાનમાં જોયું તો ત્રિગુણથી પર વર્ણીનું સ્વરૂપ જોઈને શિવજીથી અધિક જાણીને પગમાં પડ્યા. શ્રીહરિ કહે, કાચા યોગી છે. તેમણે મોટાની સેવા કરી નથી તેથી આ વિપ્ર અમારી સેવા કરે છે. ત્યારે સતી કહે તમો જમો એવી રસોઈ બનાવતા આ વિપ્રને આવડતી નથી. માટે તમારી મરજી હોય તો હું રસોઈ બનાવું. ત્યારે વર્ણી કહે તમે અને વિપ્ર સમજો, અમારે તો જમવાનું કામ છે. જેવું તેવું પણ જલ્દી બને તે લાવો. પછી સતીએ રસ રોટલી જલદી બનાવી અને શ્રીહરિને જમવા માટે બોલાવ્યા.

મહારાજે જમતાં જમતાં પરિચય પૂછ્યો. ત્યારે સતી કહે. તમે જાણીને પૂછો છો તો પણ કહું છું. પણ પછી તમારી વાત પણ તમારે કહ્યા વિના નહિ ચાલે. પછી સતી બોલ્યા કે આ વિપ્ર તે મહાદેવ છે અને હું સતી છું. અગાઉ અહીં આવીને તેમણે તપ કર્યું હતું તેથી આ જગ્યાનું 'હરદ્વાર' એવું નામ પડ્યું છે. વર્ણી કહે, ક્યાં ફળની ઈચ્છાથી તપ કર્યું હતું ? ત્યારે સતી કહે વિપ્રને પૂછો, મને ખબર નથી. ત્યાં તો વિપ્ર રસોઈ કરીને શ્રીહરિ માટે લાવ્યા. ત્યારે શ્રીહરિ મંદમંદ હસીને કહેવા લાગ્યા કે તમને રસોઈ કરતાં વાર લાગી તેથી અમારા પેટમાં વાયુ ભરાઈ ગયો જેથી ભૂખ મરી ગઈ છે. વિપ્ર કહે જમશો એટલે વાયુ મટી જશે. પછી વર્ણી ઓડકાર ખાઈને વિપ્રને રંજન કરવા જમવા લાગ્યા, ને પ્રસાદી વિપ્રને આપી. વિપ્રરૂપ શંભુએ પોતાના કુટુંબને પ્રસાદી વહેંચી આપી અને કહ્યું કે આવી પ્રસાદી મળવી ઘણુ દુર્લભ છે. આવા યોગીના દર્શન પણ ઘણાં યુગ સુધી થવાં કઠણ છે. આજનો દિવસ ધન્ય છે. આપણાં ધન્ય ભાગ્ય છે કે, સહેજે શ્રીહરિના દર્શન થયાં. પછી તે સૌએ શ્રીહરિની પૂજા કરી, આરતી પ્રદક્ષિણા કરી અને જયજયકાર ઉચ્ચાર્યો.

શ્રીહરિના ચરણોમાં શિવજીના જેવો અનુરાગ આપણને પણ દિનપ્રતિદિન વધતો ને વધતો જ રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.

# દિવસમાં પાંચ વખત કથાનો પ્રારંભ

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

''ભક્તિ અને સત્સંગ વિના'' તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. (શિક્ષાપત્રી શ્લોક ૧૧૪.)

ઈષ્ટદેવના સ્વરૂપની સાચી ઓળખાણ સદગુરુના પ્રસંગ થકી જ થાય છે. દરેક મોક્ષભાગી આત્માને સત્સંગની જરૂર છે દેહ ટકાવવા દરરોજ ખોરાકની જરૂર છે તેમ આત્માને પ્રભુ ભક્તિમાં બળવત્ત કરવા સત્સંગની જરૂર છે.

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા બાદ સૌ પ્રથમ સંપ્રદાયમા કથાવાર્તા રૂપ સત્સંગની શરૂઆત કેવી રીતે થઈ તે જોઈએ. શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા બાદ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી વગેરે વડતાલ આવ્યા. ત્યાં એક સમયમાં ગોપાળાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને વાત કરી કે આપની મરજી હોય તો આપણે કથાવાર્તાના નિયમ ઘડીએ - કારણ કે હવે શ્રી પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી તો અક્ષરધામમાં ગયા તે પોતે હયાત હતા ત્યારે તો તેમની મરજી મુજબ સવાર-બપોર-સાંજ-અર્ધરાત્રિએ સર્વ સંતોને બોલાવીને કથાવાર્તા કરતા. હવે કાંઈ આપણને બોલાવીને કથાવાર્તા કરવાના નથી તો આપણે નિયમ બાંધીશું તો મુમુક્ષુ આત્માના અંગ વૃદ્ધિને પામશે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો જે શ્રીજી મહારાજે જે નિયમ ઘડ્યા નથી તે કામ આપણે કરવાની જરૂર નથી. જેને કલ્યાણનો ખપ હશે તે તો પોતાની મેળે શ્રીજી મહારાજનું ભજન કરશે. એમ કહી નિત્યાનંદ સ્વામી પોતાને આસને ગયા. બીજે દિવસે ગોપાળાનંદ સ્વામીએ પોતાના શિષ્ય પુરુષાનંદ સ્વામીને કહ્યું કે વચનામૃતનો ચોપડો લઈ તમો વચનામૃત વાંચો. આપણે બે ઘડી સત્સંગ સભા કરીએ. તેમ કહી પોતે શ્રોતા થયા ને પુરુષોત્તમ સ્વામી વાંચવા બેઠા. પછી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃત ઉપર શ્રીજી મહારાજના રહસ્યોની જ્ઞાનવાર્તાઓ કરવા માંડી. તે સમયમાં પરમચૈતન્યાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદ સ્વામી દર્શન કરતા કરતા ગોપાળાનંદ સ્વામીના આસને જઈ કથાવાર્તા સાંભળવા બેઠા. આમ નિરંતર કથા સાંભળવા જતા પોતાના શિષ્યને પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યુ કે તમે દર્શન કરવા જાવ છો પછી બહુ મોડા આવો છો તો તમો ક્યાં બેસો છો ? ત્યારે કહ્યું: ગોપાળાનંદ સ્વામી વચનામૃતના રહસ્યોની જ્ઞાનવાર્તા કહે છે ત્યાં હું સાંભળવા બેસું છું. જ્ઞાનવાર્તા સાંભળવા જેવી છે. માટે તમો પધારો તો તમે શ્રીપતિ થયા સિવાય ઉઠવાની ઈચ્છા નહિ કરો. આથી બીજે દિવસે ગોપાળાનંદ સ્વામીનાં આસને કથાવાર્તા સાંભળવા પરમચૈતન્યાનંદ સ્વામી ગયા અને વચનામૃત વંચાવ્યું. ગોપાળાનંદ સ્વામીએ જ્ઞાનવાર્તા કરીને વચનામૃતનું રહસ્ય સમજાવ્યું તે સાંભળીને અત્યંત આનંદ થયો. કથાની સમાપ્તિ પછી પરમચૈતન્યાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીની પાસે ગયાને સર્વે હકીકત કહી. તેથી બીજે દિવસે ગોપાળાનંદ સ્વામી પાસે નિત્યાનંદ સ્વામી કથા સાંભળવા ગયા ત્યાં તેમને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે આ વચનામૃતનું રહસ્ય સમજાવો. નિત્યાનંદ સ્વામીએ ઘણા પ્રકારે સમાધાન કર્યું પણ જોઈએ તેવું સમાધાન થયું નહિ પછી નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે તમો સમજાવો. પછી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતના રહસ્યની વાર્તા કરી તે સાંભળી ઘણો આનંદ થયો. પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે તમો એકવાર કથા કરો છો પણ આવી કથા બે વખત કરો હું પણ સાંભળવા આવીશ. પછી બંને સદ્‌ગુરુએ દરરોજ પાંચ વખત કથાવાર્તાના નિયમ બાંધ્યા અને મુમુક્ષોને શ્રીજી મહારાજની ઓળખાણ કરાવી ધામમાં જવાનો રસ્તો સરળ કર્યો. આમ પાંચ વખત કથાનો પ્રારંભ ગોપાળાનંદ સ્વામીએ પ્રથમ પ્રવર્તાવેલો તે નિયમ આજદિન સુધી સત્સંગમાં ચાલું છે.

શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ-૫૪ ના વચનામૃતમાં જણાવેલ છે કે જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દ્રઢ પ્રસંગ છે તેવોને તેવો પ્રસંગ જો ભગવાનનાં એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'' - એકાંતિક દ્વારા મોક્ષનું દ્વાર ઉઘડે છે. એકાંતિકની ભક્તિ એકાંતિક સંત થકી જ પમાય છે. વચનામૃતનાં રહસ્યોની પ્રશ્નોતરીની સભા આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવ ગાદીના વિદ્વાન કથાકાર સંત સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજીના સ્વમુખે થાય છે. આજદિન સુધી છ સભા થઈ છે અને પછી પણ થતી રહેવાની છે. આટ આટલા વર્ષોથી વચનામૃતતો બધા વાંચીએ છીએ પણ સ્વામીશ્રીએ મ્યુઝિયમની સભામાં વચનામૃતના રહસ્યો જે છતાં કર્યા તેનાથી શ્રોતાજનો આશ્ચર્યમુગ્ધ થયા છે કે આવી વાતો ક્યારેય સાંભળવા મળેલ નથી તે વચનામૃતનું હાર્દ આજે ખબર પડી તેવી લાગણીસભર વાર્તા થાય છે. જેનો લાભ રખે ચૂકાય નહિ તેની તકેદારી રાખવી. શ્રીજી મહારાજને જેમ છે તેમ જો ઓળખાશે તો અચૂક અક્ષરધામની પ્રાપ્તિ થશે. પણ ઓળખવામાં જો ખામી રહી જશે તો અક્ષરનામની સંજ્ઞા છે તેવું ધામ તેનાથી વંચિત રહી ન જવાય તેટલા માટે સદ્‌ગુરુઓ થકી વચનામૃતમાં મહારાજનો હૃદયગત અભિપ્રાય જાણી જીવમાં ઉતારવાથી મહારાજની માધુરી મૂર્તિ પણ જીવમાં ઉતરી જશે અને અવિનાશી પદની પ્રાપ્તિ થશે. વિશેષ મ્યુઝિયમની રવિવારની સભામાંથી વચનામૃતનાં રહસ્યોથી જાણકારી મેળવવા અન્ય કામો પડતા મુકીને પણ સભા એટેન્ડ કરવી. અસ્તુ.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી નરનારાયણના ચરણકમલ સમીપ શુભસ્થાન સહેર અમદાવાદથી લિખાવિંત આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હરિકૃષ્ણ મહારાજ

સ્વસ્તિ શ્રી ઈડરગઢ મહાશુભ સ્થાન સ્થિત ગૌબ્રાહ્મણ પ્રતિપાલક ધર્મધુંર ગાંભીર્યવીર્ય ધૈર્યોદાર્ય સૌજન્ય દયાદાનદક્ષિણાઆદિ ગુણ અલંકૃત સાધુ અસાધુ વિવેકયુક્ત સત્યપ્રતિજ્ઞાપાલક ચતુર્દશવિદ્યાપ્રવીણ નિતિશાસ્ત્રોક્ત સામદાન વિધિ ભેદનિગ્રહાદ્યુપાયયુક્ત અષ્ટાદશ રાજવ્યવહારાદિ રાજનિતિ વિચક્ષણ સદા પરોપકાર તત્પર ગજશાસ્ત્ર અશ્વશાસ્ત્ર રસશાસ્ત્ર ગીતાશાસ્ત્ર વિચક્ષણ વેદવેદાંગ અષ્ટાદશ પુરાણ ધર્મશાસ્ત્ર રહસ્યજ્ઞાનયુક્ત હિંસા રહિત વેદધર્મ પ્રર્વતક હરિજનમુકુટમણિ અનેક સંસારી જીવોધ્ધારર્થકૃતાવતાર શ્રી પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણોપસનાપરાયણાંતઃ કરણેષુ શ્રીશ્રીશ્રીશ્રીશ્રીશ્રી૬ મહારાજશ્રી જવાનસિંહજી ન્નરદેવેષુ અસ્મ ચર્તુવેદોક્તા જય સ્વામિનારાયણ પૂર્વકા આશિષાંરાશયઃ સમુલ્લસંતુશપત્ર ભવદિયંકુશલમ નુદિનમેઘસામાનમાશાસ્મહે બીજું લખવા કારણ એ છે જે અત્ર શ્રીજી મહારાજના પ્રતાપથિ ક્ષેમકુશલ છે તમારી ક્ષેમકુશલતાના પત્ર હમણાંના આવ્યા નથી માટે સંભારીને લખવા ને મહાનુભાવાનંદ સ્વામિ કપડવનમેં છે તથા મૂલીમેં સર્વે સાધુ સુખશાતા વર્તે છે બિજું ભૂમાનંદ સ્વામિ આદિ સાધુ મંડલ સમસ્ત તથા દેવાનંદ સ્વામિ આદિ બ્રહ્મચારી મંડલ સમસ્તને અમારા જય સ્વામિનારાયણ કેજ્યો. બીજું કામ-કાજ લખજ્યો જોતું કરતું મંગાવજ્યો.

સંવત ૧૯૦૩ ના અષાઢ શુક્લ એકાદશીને દિન લખો છે. લેખક સાધુ નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ વંચાવવા તથા ભૂમાનંદ સ્વામિ આદિક સર્વે સાધુને મારા જય સ્વામિનારાયણ કેવરાવવા.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ લખાવેલ આ પત્ર સર્વેના દર્શનાર્થે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૧૧ માં રાખવામાં આવેલ છે. સર્વે હરિભક્તો તેનો લાભ લેજ્યો.

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉજવાશે ભાદરવા સુદ-૪ ને ગણેશ ચતુર્થી**

ગણપતિ પૂજન માટે યજમાન પદ માટે રૂા. ૧૧૦૦/- ભરીને લાભ લેવાનો રહેશે.
જગ્યા મર્યાદિત હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવું.
મો. : ૯૯૨૫૦૪૨૬૮૬ ● લેન્ડ લાઈન : ૦૭૯-૨૭૪૮૪૫૯૭



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુલાઈ-૨૦૧૩

| | |
|---|---|
| રૂા. ૯૪,૯૨૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ. |
| રૂા. ૬૦,૦૦૦/- | મહેશભાઈ એસ. પટેલ (લાલોડાવાળા) વાપી (જુલાઈ-૧૩થી જુન-૨૦૧૪ દર માસે ૫૦૦૦/- લેખે) |
| રૂા. ૨૫,૦૦૦/- | કાનજી વાલજી વેકરીયા (બળદીયા-કચ્છ) હ. કુરબાઈ કાનજીભાઈ વેકરીયા |
| રૂા. ૧૫,૦૦૦/- | જીગદીશભાઈ કે. દરજી (બોપલ) દર માસે રૂ.૧૦૦૦/- લેખે ૧૫ માસના |
| રૂા. ૧૧,૦૦૦/- | વિકલ્પભાઈ ધીરજભાઈ (અમદાવાદ) (જન્મદિવસ નિમિત્તે) |
| રૂા. ૧૧,૦૦૦/- | દિનેશભાઈ કાંતિભાઈ પટેલ (આકૃંદ) નૂતન બંગલામાં મહાપૂજા પેટે |
| રૂા. ૧૧,૦૦૦/- | આરોહી મોટર્સ પ્રા.લી. (નારોલ) |
| રૂા. ૧૧,૦૦૦/- | વિકલ્પભાઈ ધીરજભાઈ (અમદાવાદ) (જન્મદિવસ નિમિત્તે) |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી (બોપલ) C/o. ઘનશ્યામ એન્જી. ઈન્ડસ્ટ્રીઝ |
| રૂા. ૨,૪૫,૦૦૦/- | અ.નિ. ગજાનંદભાઈ જાદવ પરિવાર હ. રાજુભાઈ ગજાનંદ જાદવ હોલ નં. ૮ માં શ્રીજી મહારાજના હસ્તાક્ષરની ફ્રેમ અને તેમાં ડાયમંડ જડાવવાની સેવા કરી. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જુલાઈ-૨૦૧૩

| | |
|---|---|
| તા. ૧૨-૦૭-૧૩ | અ.નિ. ભનુભાઈ નાનજીભાઈ પટેલ (અમદાવાદ) હ.ચંપાબેન તથા સુખદેવ તથા વાસુદેવ |
| તા. ૧૩-૦૭-૧૩ | સત્સંગ સમાજ બિલીયા સિધ્ધપુર (સિધ્ધપુર) હ. ચંદ્રપ્રકાશ સ્વામી |
| તા.૧૪-૦૭-૧૩ | સવારે-દેવર્ષીભાઈ મુકેશભાઈ ઠક્કર (યુ.એસ.એ.) હ. માધવ સ્વામી તથા હરિૐ સ્વામી |
| તા.૧૪-૦૭-૧૩ | સાંજે-છપૈયાધામ બાયરન (યુ.એસ.એ) હ. નવીનભાઈ તથા મનીષભાઈ |
| તા.૧૭-૦૭-૧૩ | દેવેન્દ્રભાઈ નરસિંહભાઈ ડોડીયા (બોપલ) હ. શા.ધર્મવલ્લભદાસ સ્વામી તથા ઋષિરાજ તથા પરિક્ષિત |
| તા.૩૦-૦૭-૧૩ | અ.નિ. કાનજીભાઈ ભીમજીભાઈ રાઘવાણી (બળદિયા-કચ્છ) હ. કરશનભાઈ કે. રાઘવાણી |

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## આપણાં અગીયાર નિયમો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

(ગતાંકથી ચાલુ)

**''નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ''**

આપણાં સંપ્રદાયના દેશ વિદેશના હજારો મંદિરોમાં સંધ્યા આરતી પ્રાર્થનામાં નિત્ય ગવાતું પ્રેમાનંદ સ્વામી રચિત આ પદમાં વર્ણવેલ મુખ્ય અગિયાર નિયમોમાંથી બે નિયમ વિષે ગયા અંકમાં આપણે વાંચ્યુ. ગમ્યું પણ ખરૂં, તો આવો ત્યાંથી આગળ વાંચીએ.

**''માંસ ન ખાવત મધ્ય કું પીવત નહિં બડભાગ્ય,
વિધવા કો સ્પર્શત નહિં, કરત ન આત્મઘાત.''**

**ત્રીજો નિયમ : માંસ ન ખાવત.**

ઘણીવાર કોઈને શંકા થાય, કોઈ હિન્દુ આ બાબતથી તો જુદો જ હોય છે. ક્યારેય માંસ ભક્ષણ કરતો જ નથી. તેમ છતાં એને આ મહત્વના નિયમમાં શા માટે દાખલ કર્યો ? તો અત્યારે સમય જુદો છે એની ખબર આપણાં મોટા પુરુષોને પહેલેથી હતી. આજ કાલ એવા પ્રચાર થવા માંડ્યા છે. અનેક સામાયિકોમાં બીજે ત્રીજે કોઈ ઈંડાની વાતો કહે છે. કેટલાંક સંતો પાસે પ્રશ્નો લઈને આવે છે કે ઈંડા શામાં ગણાય ? પણ એ માંસ જ છે. એમાં શંકા જ નહીં. ઈંડુ માંસ છે કે નહીં તેની ચર્ચા કર્યા કરતા એ મરઘીને પૂછી લેવું જોઈએ કે આને તું શું માને છે ! ઘણાં માણસો ઈંડાને ને દૂધને સમાન કક્ષામાં મુકે છે એ એની મોટી ભૂલ છે. જ્યારે ગાય દોહવાતી હોય ત્યારે દૂધ ઉપર ગાયને મમત્વ નથી હોતું. એ પ્રેમથી તપેલી ભરીને લઈ જવા દે છે. પરંતુ મરઘી જ્યારે ઈંડુ મુકે પછી તમે એની બાજુમાં જજો જોઈએ. એ શક્ય એટલો પ્રતિકાર કરશે. મરઘીને એમ છે કે આ મારું બચ્ચું છે. તો એ જ સાબિતી છે કે એ માંસ છે. એમાં જીવ છે. એટલે આવી કોઈ બાબતમાં આજની યુવાન પેઢી ક્યાંય ફસાય તો એની ચેતવણી માટે ''માંસ ન ખાવત'' એ ત્રીજો નિયમ છે. કોઈપણ વસ્તુમાં ક્યાંય માંસ કે કોઈક પ્રાણીજ ચીજ ઉમેરી હોય તો એનો પણ ત્યાગ કરવો.

સ્વામિનારાયણ ભગવાને સત્સંગિજીવનમાં ઉપરિચર વસુ રાજાની વાત કરી છે. એની પાસે એટલું પુણ્ય હતું કે એ સદેહે સ્વર્ગમાં જઈ શકતો. આપણે લોકમાં કહેવત છે કે, ''આપ મૂઆ સિવાય સ્વર્ગ ન જવાય !'' પણ મર્યા વગર એ ઉપરિચર સ્વર્ગમાં જતો હતો. એટલાં ઉત્તમ પુણ્ય હતાં ! છતાં એકવાર દેવતાઓ અને મહર્ષિઓ વચ્ચે હિંસાને માંસની ચર્ચા ચાલી. ઉપરિચર અને ઈન્દ્રને મિત્રતા હતી. ઈન્દ્રને ખોટું ન લાગે એટલે એણે ગોળગોળ જવાબ આપ્યો, ''એમાં ય વાંધો નહી ને આમાં પણ વાંધો નહિ. આ પણ સાચું છે અને તે પણ સાચું છે.'' આટલો જ્યાં ઉચ્ચાર કર્યો ત્યાં તો તરત જ એનાં પુણ્ય ધોવાઈ ગયાં ! એ ધરતી પર પડ્યો ! સ્વામિનારાયણ ભગવાને ત્રીજા નિયમમાં સાવધાની પૂર્વક વાત કરી છે, ''કોઈ પણ સંજોગોમાં ક્યારેય પણ અમારા આશ્રિતોએ માંસ ભક્ષણ કરવું નહી.''''

**ચોથો નિયમ : ''મદ્ય કો પીવત નહી બડભાગ્ય''**

હવે આવે છે મદિરા. ક્યારેય પણ ભગવાનના ભક્તોએ હળવી કે ભારે કોઈ મદિરા સ્વીકારવી જ નહીં. ઘણીવાર ઓછા નશાવાળા દારૂ પણ મળતાં હોય છે. પણ દારૂ એ દારૂ. ભગવાનના ભક્તોએ ક્યારે પણ કોઈપણ પ્રકારના મધ્યનો ત્યાગ જ કરવો જોઈએ. માણસ વ્યસનમાં એટલો હેરાન થાય છે, એટલો તો જમપુરીમાં ય હેરાન ન થાય ! આ અવાર-નવાર ક્યાંય જાણવા મળે. કેવા કેવા દારૂ પીને માણસો રિબાય છે, દુઃખી થાય છે. કમોતે મરે છે. પણ એ જોઈને ય કોઈ છોડતા નથી. એટલે આપણાં શાસ્ત્રો, આપણાં સંતો બૂમો પાડે છે, ''ભાઈ ! મદ્ય-માંસનો ત્યાગ કરો.''

પુરાણમાં એવી કથા આવે છે કે દેવો અને દૈત્યોએ સાથે મળીને સમુદ્રમંથન કર્યું એમાંથી મદિરા પેદા થઈ. એ અસુરોએ લીધી. દેવતાઓએ ન સ્વીકારી. આ એક

પુરાવો છે કે મદિરા કોને ગમે ? કદાચ કોઈને માઠું લાગે કે અમે અસુરો ? ના તમે બહુ સજ્જનો ! પણ પીધા પછી તમારો સ્વભાવ કેવો થાય છે ? એ વિચારજો. તો એ સાબિતી છે કે મદિરા સાત્ત્વિક વૃત્તિઓને તામસી વૃત્તિઓમાં પરિવર્તિત કરી નાંખે છે. અત્યારે લાખોના ખર્ચે એનો નિષેધ કરાય છે. પણ સ્વામિનારાયણ ભગવાને પહેલેથી જ પોતાના આશ્રિતોને દેવ જેવું પવિત્ર જીવન જીવતા કર્યા છે.

અહીં ''મદ્ય'' લખ્યું એનો વિસ્તૃત અર્થ એ પણ થાય કે કોઈપણ પ્રકારનાં વ્યસનો અને કેફી પીણાંનો ત્યાગ કરવો - આ ચોથો નિયમ છે.

**પાંચમો નિયમ : ''વિધવા કો સ્પર્શત નહીં''**

વિધવા સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો. આ બાબત એક ધર્મની મર્યાદા છે. બ્રહ્મચર્ય શુધ્ધિ માટે છે. આચાર જીવન શુધ્ધિ માટે છે.

શિક્ષાપત્રી શ્લોક ૧૬૪ માં શ્રીહરિની આજ્ઞા છે કે - ''અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબધ વિનાના જે પુરૂષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને પોતાની યુવાવસ્થાને વિશે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરૂષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહીં.''

આ વાતનું ધ્યાન રાખે તો વિધવા સ્ત્રીઓ પોતાના ધર્મમાં રહી શકે. તે માટે શ્રીહરિએ આજ્ઞા કરી છે - વળી વિધવા સ્ત્રીઓ તેમણે પરમાત્માને વિશે પતિબુધ્ધિ રાખીને પ્રભુ સેવા કરવી. જે દ્વારા વિધવા સ્ત્રીઓ માનભેર નિષ્કલંક જીવન પસાર કરી શકે. તેવી ઉચ્ચ ભાવના આ આજ્ઞા પાછળ સમાયેલી છે. તેને આપણા મુખ્ય - અગિયાર નિયમોમાં ''વિધવા કો સ્પર્શત નહીં'' દ્વારા સમાવવામાં આવેલ છે.

**છઠ્ઠો નિયમ : ''કરત ન આત્મઘાત''**

ભગવાનના ભક્તોએ ક્યારેય પણ કોઈપણ સંજોગોમાં આત્મઘાત કરવો નહી. ગમે એવી મૂંઝવણ થાય, ગમે તેવું કદાચ ખરાબ કામ થઈ ગયું હોય તો કોઈ માનસિક આવેગમાં આવીને - હવે હું શું મોઢું બતાવું એવું થઈ જાય તો પણ આત્મઘાત ન કરવો. માણસ કેવી કેવી વાતમાં, નજીવી બાબતોમાં આપઘાત કરી નાંખે છે ! પરીક્ષામાં રીઝલ્ટ સરખું ન આવે - ધબ દઈને રેલ્વે નીચે.... અલ્યા ભાઈ ! આ કરોડોની કિંમતથી અધિક એવો માનવદેહ છે. કૃપા કરીને ઈશ્વરે આ માનવ દેહ આપ્યો છે એનો ઘાત કરી નાંખવો એ મહામોટું પાપ છે. માટે ક્યારેય પણ આપઘાત કરવો જોઈએ નહીં.

જગતમાં એવી કહેવત પણ છે કે- તીર્થમાં જઈને મરે તો એનો મોક્ષ થાય. જેમાં સહુથી મોખરે કાશીનું નામ આવતું. હજુ સુધી કહેવત છે - 'કાશીનું મરણ અને સુરતનું જમણ.' તો કોઈ કાશીએ જઈને કરવત મુકાવે તો કૈલાશમાં પહોંચી જવાય. આવી અંધશ્રધ્ધાથી પણ આ રીતે આપઘાત કરવો નહી. જો એવું જ હોય તો બધા પાપીઓ છેલ્લા વખતે ત્યાં કરવત હેઠે જ બેસી જાય ને ! બધા કૈલાશવાસી જ થઈ જાય ! પણ એ વાત સત્ય નથી. ભગવત્ સ્મરણ, ભજન-કીર્તન કર્યા સિવાય જીવનું કલ્યાણ, મોક્ષ થતો જ નથી. માટે કોઈપણ પ્રકારે આત્મઘાત ન કરવો.

(આ વખતે આપણાં અગિયાર નિયમમાંથી છ નિયમની વાત વાંચી. વધુ આવતા અંકે.)

●

**મહારાજનો મોટો પ્રતાપ**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

આજ તો ગોપાળાનંદ સ્વામી પત્ર લખવા બેઠા છે. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી તથા શ્રીજી મહારાજનું આંતરિક જોડાણ કેવું હતું તે તો આખું જગત જાણે છે. ''યોગી પૂર્વ જન્મના, જેને વહાલા સંગાથે વહાલ'' તેમ છતાં આજ અલૌકિક લીલા કરતા હોય તેમ ગોપાળાનંદ સ્વામી હરિભક્તોની વિનંતીને ધ્યાનમાં લઈ પત્ર લખવા બેઠા છે. કેટલાક ચરિત્રો મહાપુરુષોના અવર્ણનીય હોય છે. ગોપાળાનંદ સ્વામીનો મહિમા, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રભાવ બધા જ જાણતા. માટે જ હરિભક્તો ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામી વડતાલમાં હતા. પોતાના આસને બેઠા હતા. ચોમાસાની ઋતુ ચાલતી હતી. પણ વરસાદની બહુ ખેંચ હતી. હવા, પાણી અને પ્રકાશ એ તો ઠાકોરજીની ભેટ છે. ભગવાનની મરજીથી જ બધું થાય છે.

मद्भयादाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।

वर्षतीन्द्रो दहत्यग्नि मृत्युश्चरति मद्भयात् ॥

પણ સમર્થ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ ઈચ્છા થાય તો વરસાદ વરસાવતા. આ પ્રતાપને જાણી હરિભક્તો વડતાલમાં ગોપાળાનંદ સ્વામીના આસને ગયા. હરિભક્તોએ સ્વામીને કહ્યું કે વરસાદ વિના મોલ સુકાય



# શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન-લંડન શ્રી ઘનશ્યામ મહારાજનો રજત જયંતી મહોત્સવ













॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.) - મેરીલેન્ડ ડી.સી. એરીયા



Shree Swaminarayan Temple - Maryland - D.C. Area (I.S.S.O.)

Kalupur Dham

# मूर्ति प्रतिष्ठा महोत्सव

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

:: Start ::
26 Aug. 2013
Monday

:: Conclude ::
1 Sept. 2013
Sunday



**International Swaminarayan Satsang Organization**
(Under Shree Narnarayan Dev Gadi - Ahmedabad)

**Shree Swaminarayan Temple**
Maryland D.C. Area 115 COCKEYS MILL ROAD
REISTERSTOWN MD 21136
Temple Phone - (410) 526-1008
Email. : issomddc@gmail.com

સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણ ની અસીમકૃપાથી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના શુભાશિર્વાદ અને પ.પૂ. મોટા આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના સંકલ્પ, પ્રેરણા થકી તથા સમગ્ર સંત સમાજનાં હૃદયાત્મક આશીર્વાદથી મેરીલેન્ડ - ડી.સી. ઈન્ટરનેશનલ શ્રી સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન (.જી.જી.) દ્વારા નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી રામ લક્ષ્મણ જાનકી, શ્રી સૂર્યનારાયણદેવ, શ્રી શિવ પાર્વતીજી તથા શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શ્રી હરિના સાતમાં વંશજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સંવત ૨૦૬૯ શ્રાવણ વદ-૬ ને તા. ૨૬ ઓગસ્ટ ૨૦૧૩, સોમવાર ના રોજ થી શ્રાવણ વદ-૧૧ તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૩, રવિવાર સુધી નિર્ધારિત છે. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરેલ છે. જેની વ્યાસપીઠે વક્તા ભાગવતાચાર્ય શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ (પીજવાળા) બિરાજી તેમની અમૃતવાણીનું રસપાન કરાવશે. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સહિત પધારશે. આ પ્રસંગે દેશ-વિદેશના સત્સંગીઓના સહિયારા યોગદાન થી સાકાર થયેલ આ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના સ્મરણીય પ્રસંગે આપ સૌને સહપરિવાર મિત્ર મંડળ સહિત પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

લી.

ટેમ્પલ કમિટિ તથા સમસ્ત સત્સંગ સમાજ

શ્રી સ્વામિનારાયણ મંદિર - મેરીલેન્ડ - ડી.સી., એરીયા

## મંગલ કાર્યક્રમની રૂપરેખા

### 26 August 2013, Monday

પોથીયાત્રા :- 4-00 pm to 5-00 pm ❋ કથા :- 5-00 pm to 7-00 pm

### 27 August 2013, Tuesday

કથા :- 5-00 pm to 7-00 pm

### 28 August 2013, Wednesday

કથા :- 5-00 pm to 7-00 pm ❋ શ્રી કૃષ્ણ જન્મોત્સવ :- 12-00 pm

### 29 August 2013, Thursday

કથા :- 5-00 pm to 7-00 pm

### 30 August 2013, Friday

યજ્ઞ પ્રારંભ :- 8-30 am

કથા :- 5-00 pm to 7-00 pm ❋ શ્રી રૂકમણી વિવાહ :- 7-00 pm to 8-00 pm

### 31 August 2013, Saturday

| | |
|---|---|
| કથા | :- 9-00 am to 11-00 am |
| મુખ્ય પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન | :- 4-30 pm |
| કથા | :- 5-00 pm to 7-00 pm |
| શોભાયાત્રા | :- 3-30 pm, Dunkin Donuts, 48 Main Street, Reisterstow MD થી નિકળી 4-30 pm મંદિર પહોંચશે. |

### 01 September 2013, Sunday

| | | | |
|---|---|---|---|
| મૂર્તિ પ્રતિષ્ઠા તથા અભિષેક | :- ૮-૦૦ કલ | પ્રાસંગિક સભા | :- 10-30 am |
| વિષ્ણુયાગ પૂર્ણાહુતિ | :- 9-30 am | અન્નકુટ આરતી | :- 12-00 pm |
| કથા પૂર્ણાહુતિ | :- 10-00 am | મહાપ્રસાદ | :- 1-00 pm |

નોંધ :- દરરોજ કથા બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

છે. સ્વામીએ વિચાર્યું આમ જો હું જ ઈશ્વરનું કાર્ય કરીશ તો ભગવાન ભૂલાઈ જશે. ગોપાળાનંદ સ્વામીએ તરત હરિભક્તોને કહ્યું. આવો આપણે મહારાજને પત્ર લખીએ. પછી હરિભક્તોની હાજરીમાં પત્ર લખ્યો. કાશીદાસ ભક્તને કાગળ આપી કહ્યું. જાઓ ગઢડે મહારાજને આપજો. કાશીદાસને ગોપાળાનંદ સ્વામીએ ગઢડે મોકલ્યા. કાશીદાસ ભક્ત ગઢડે પહોંચ્યા. મહારાજ સભામાં બિરાજતા હતા. કાશીદાસ ભક્તે શ્રીહરિના દર્શન કરી કાગળ આપ્યો. મહારાજે પત્ર વાંચ્યો. પછી મહારાજ બોલ્યા કે આ મોટા હરિભગત કાશીદાસભાઈ આવ્યા છે તો ચાલો આજે આપણે બધા એમને સાથે લઈ અને ઘેલામાં નાવા જઈએ. બધાને નવાઈ લાગી. ઘેલામાં એક ટીપું પાણી નથી ! ક્યાં નાવાનું ! એવો સંશય થયો. મહારાજે આજ્ઞા કરી એટલે બધા સંતો, હરિભક્તો મહારાજની સાથે ચાલ્યા. બધા ઘેલાને કાંઠે જઈ ઉભા રહ્યા અને અચાનકજ એવો વરસાદ ચાલું થયો. બધા પલળી ગયા. અને મહારાજ ઉપર છત્રી ધરી હતી તે પણ તૂટી ગઈ. અને મહારાજ પણ ખૂબ પલળી ગયા. અને એ વખતે ઘેલામાં પાણી આવ્યું.

ગોપાળાનંદ સ્વામીનો પત્ર જાણે મહારાજે શિરોધાર્ય કર્યો હોય તેમ પત્ર વાંચતા અલૌકિક રીતે ચરિત્ર કરી વરસાદ વરસાવ્યો. ઘેલા નદીમાં પાણી આવ્યું પણ એ પાણી ડોહળું હતું. અને એમાં કાંટા, ઝાંખરાને કચરો, ફીણ આ બધું જોઈને શ્રીજી મહારાજ કહે આજે તો આ ઘેલાનું પાણી મેલું છે. ડહોળું છે એટલે નવાશે નહિ. પણ આપણને ઈન્દ્રે નવડાવી દીધા છે. ચાલો પાછા.

સજ્જનો ! સમર્થ ગુરૂ કી શરન મેં નહીં ભાગ્ય કા કોઈ જોશ,

ભાગ્ય દેખો જગત કે જીવ કે ઉન મે હેં નરક કે દોષ.''

જીવના ભાગ્યમાં સુખ દુઃખ ગમે તેટલા લખ્યા હોય પણ જો ગોપાળાનંદ સ્વામી જેવા સંત પાસે ગયા. તો દુઃખ દૂર થઈ ગયાં. ભગવાન સુધી પોતાની વાત પ્રાર્થના પહોંચાડવા માટેનું માધ્યમ સંત પુરુષો છે. સાચા સંતો એ મુમુક્ષુઓને ભગવાન ઓળખાવે છે. અને ભગવાન સાથે જોડે છે. જેમના હૃદયમાં પરમાત્મા બિરાજમાન છે. એવા સમર્થ સંતો આખા બ્રહ્માંડને તારી શકે છે. પરંતુ એ બધું ભગવાન જ કરે છે. ભગવાનની ઈચ્છાથી જ થાય છે એમ માની પ્રભુનું ભજન કરે છે તેવા સંતોના સંકલ્પ ભગવાન પુરા કરે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરા સંપર્ક માટે**
**મહંત સ્વામી**
**મો. : ૦૭૪૧૭૫૪૩૦૯૮, ૦૭૪૧૭૫૪૩૧૦૦**

## મૂ.અ.મૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની પ્રાકટ્યભૂમિ ટોરડામાં અષાઢી તોલાઈ આ વર્ષનો વરતારો

મૂ.અ.મૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની પ્રાકટ્ય ભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ગોપાલલાલજી હરિકૃષ્ણ મહારાજની નિશ્રામાં ટોરડામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી તોલાઈ નીજે મુજબ થઈ હતી.

૧. બાજરી - બાજરીના ૪ કણ વધારે
૨. મકાઈ બાજરીના ૫૦ કણ ઘટ
૩. મગ - બાજરીના ૭ કણ વધારે
૪. કપાસ બાજરીના ૬ કણ વધારે
૫. લાલ માટી - બરાબર
૬. કાળી માટી બાજરીના ૬ કણઘટ
૭. ચણા બાજરીના ૨૫ કણ વધારે
૮. અડદ બાજરીનો ૧ કણ વધારે
૯. ડાંગર બાજરીના ૬ કણ વધારે
૧૦. રસ કસ બાજરીના ૧૬ કણ વધારે
૧૧. ઘઉં બાજરીના ૧૧ કણ વધારે

અત્રેના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીના જણાવ્યા અનુસાર અષાઢી તોલની પરંપરા ૭૦ વર્ષથી ચાલે છે. જેમાં ગામના, સત્સંગીઓ અષાઢ પૂનમની સાંજે તમામ અનાજને તોલીને ભગવાનના વાઘામાં બાંધવામાં આવે છે. અને તે વાઘા એક માટીની માટલીમાં મૂકી મોં બાંધી ભગવાન સમક્ષ મૂકવામાં આવે છે અને ૧૧ પ્રકારના ધાન્ય અષાઢ વદ-૧ ના દિવસે ઠાકોરજી સમક્ષ સૌની હાજરીમાં તોલવામાં આવે છે. આ અનાજનો વધારો ગ્રામ કે મિ. ગ્રામમાં નહીં પણ બાજરીના કણોમાં માપવામાં આવે છે. જેથી આ વિસ્તારના ખેડૂતભાઈઓ આ તોલના આધારે વાવેતરની દિશા નક્કી કરે છે. આમ આ તોલાઈ પ્રસંગે અત્રેના મહંત સ્વામી, ગામના નાના મોટા હરિભક્તો પાર્ષદ મંડળ સૌ ઉપસ્થિત રહ્યાં હતાં.

(મહંત સ્વામી, ટોરડા)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"પરમાત્માની ભક્તિ કેવી રીતે કરવી" એટલાન્ટા**
**(આઈ.એસ.એસ.ઓ. મંદિર (યુ.એસ.એ.)**
(સંકલન : રાજેશ્રીબેન એ. પટેલ તથા રાગેશ્રીબેન ડી. પટેલ, એટલાન્ટા)

આપણે સત્સંગ તથા ભક્તિ તે પરોપકારી સ્વભાવ રાખી માન-અભિમાન વિના પોતાની મોટાઈ નહિ બતાવી ભક્તિ - સત્સંગ કરીએ તો જીવને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મળે છે.

વ્હાલા ભક્તો ! શ્રીજી મહારાજ ખૂબજ દયાળુ છે કે આ પૃથ્વી જે મોક્ષનું સાધન છે ત્યાં જન્મ આપી મનુષ્યોનાં મોક્ષનાં દ્વાર ખોલ્યાં છે. માટે આપણે નિષ્કામ ભાવે નિષ્ઠાપૂર્વક કર્મ કરી ત્રણ સાધને કરી (કર્મ, જ્ઞાન અને ભક્તિ) ભક્તિ કરવી. આ જો નિષ્કામ ભાવે કરશો તો ભગવાનના સુખની પ્રાપ્તિ જરૂર થશે.

ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારી તેમણે બાંધેલી ધર્મ મર્યાદાઓ તથા ભગવાનનો નિશ્ચય અને તેમના દર્શનની અખંડ સ્મૃતિ જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી સર્વ પ્રકારે પાળે તેનું કલ્યાણ/મોક્ષ થાય છે. દેવો પણ આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરવાની ઈચ્છા કરે છે. કારણ સારાં કર્મોનું ઉપાજન આ પૃથ્વી સિવાય ક્યાંય મળતું નથી.

આ માટે વાત કરી કે જીવના કલ્યાણ માટે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે. તેમાં એક આત્મનિષ્ઠા જે આત્મરૂપ થઈ પરમેશ્વરનું ભજન કરવું. બીજું પતિવ્રતાનું અંગ જે ગોપીઓની પેઠે પતિ ભાવે ભજન કરવું અને ત્રીજું દાસપણું જે ઉદ્ધવજી અને હનુમાનજીની પેઠે દાસ ભાવે ભજન કરવું. આ ત્રણ વિના કોઈ રીતે જીવનું કલ્યાણ / મોક્ષ થતો નથી. પછી મનુષ્ય ગમે તેટલો જ્ઞાની હોય પણ વિવેક કે ધર્મમય-જીવન જીવતો ન હોય તો તે અંતે સમયે કાંઈ કામ આવતું નથી. અને જે મનુષ્યો વિવેકી છે અને પ્રભુ ભક્તિમાં સમજે છે અને જાણે છે કે જે જન્મે છે તેનું મૃત્યુ આવવાનું નક્કી છે. માટે દુર્લભ એવો આ મનુષ્ય દેહ મળ્યો છે તો મૃત્યુ પહેલાં મોક્ષને પ્રાપ્ત કરી લેવા જીવને પરમાત્માને ઓળખી સત્સંગ કરી લેવો અને પ્રભુની શરણાગતિ સ્વીકારી લેવી જેથી આ જીવ ભવસાગર તરી જશે.

જીવનમાં પવિત્રતા કેવી રીતે લાવવી તે અંગે બોલતાં આપણે સંસારી ગૃહસ્થીઓ છીએ. તો તેમાં ઈન્દ્રિયોની પવિત્રતા મુખ્ય છે. જે આંખે સારુ જોવું, કાને સારું સાભળવું, નાકે સારી સુગંધી લેવી, મુખે સારુ બોલવું, આમ સર્વ ઈન્દ્રિયો ઉપર કાબુ રાખી વર્તન કરવું અને સર્વ પરિસ્થિતિમાં રાજી રહેવું. કુસંગી સારો સુખી હોય સત્સંગી દુઃખી હોય તેમજ પ્રભુ સંપત્તિ આપે તો સારૂ અને ન પણ આપે તો પણ સારૂ આમ ભગવાન રાખે તેમ રહીએ તો ભગવાન રાજી રહે. શ્રીજી મહારાજ તો જ્ઞાન અને ગુણોના સાગર છે. તેમના શરણે જઈશું તો બધાં સુખો પ્રાપ્ત થશે અને આપણા મનોરથો પૂરા કરશે અને ખરાબ બુદ્ધિ દૂર કરી સદ્‌બુદ્ધિ આપશે તે નજર સમક્ષ રાખીશુ તો જીવનમાં સર્વત્ર પ્રકાશ થશે. આમ ભજન ભક્તિ સેવા કરશું તો જન્મ જન્માંતરનાં દુઃખો દૂર થશે અને અક્ષરધામની પ્રાપ્તિ સહેજે મળશે.

ભગવાન આપણને જે પરિસ્થિતિમાં રાખે છે તેમાં આપણું સારુ થવાના સંકેત હશે. માટે શ્રીજી મહારાજ પાસે સર્વ સદ્‌ગુણોનાં દુષણ રૂપ એવું માન / અભિમાન જે ભક્તિ કરવામાં અડચણરૂપ છે અને જે મોક્ષ / કલ્યાણને બગાડનાર છે અને ભ્રષ્ટ કરનાર છે તે થકી સદા દૂર રાખે તેવી પ્રાર્થના કરવી. શ્રીજી મહારાજે પૃથ્વી ઉપર મનુષ્ય દેહ આપી આ જીવને પરીક્ષા કરવા જન્મ ધારણ કરાવ્યો છે તેમાં પાસ થવા માટે સારાં કર્મો તથા ભક્તિ કરી ભગવાન કેમે કરીને આપણી ઉપર રાજી રહે તેની ખાસ આ દેહે કાળજી રાખવી જેથી આ લોકમાં ફરી જન્મ લેવો ન પડે. માટે શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લોક ૨૦૬ માં જણાવ્યું છે જે અમારા આશ્રિત પુરુષ / સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. અને તેની ઉપર ભાર મુક્યો તેમજ ક્ષમા આપવી, ભૂલી જવું, દિલ મોટુ રાખવું બીજા પાસે આશા ન રાખવી, માનથી દૂર રહેવું. આ જો નહિ રાખીએ તો દુઃખી થાશો

તેનું ખાસ ધ્યાન રાખવું. દિવસ ઉગતાં ગૃહસ્થીઓએ ભગવાનનું પ્રથમ પથારીમાં પાંચ મિનિટ બેસી પ્રભુ ધ્યાન કરી નિત્ય શારીરિક ક્રિયા કરી પૂજા / ભક્તિ કરવી, કુટુમ્બમાં હળી મળીને સંપથી રહેવું. બાળકોને સત્સંગ તરફ વાળવા પ્રભુ ભજન કરાવવું - મા બાપની સેવા કરવી. આમ આખો દિવસ ભક્તિમય વાતાવરણ બનાવી સમય પસાર કરવો અને ભગવાનને પાર્થના કરવી કે મારો આખો દિવસ સુખમય ભક્તિમય રીતે આનંદથી પસાર થાય. અને ભગવાન પાસે તેમના ચરણોમાં સદાય આ રીતે રહેવાય અને ભક્તિમાં કોઈ માયા આડી ન આવે તેવી પ્રાર્થના કરવી.

આ પૃથ્વી ઉપર આપણો જન્મ થયો તે પૃથ્વી યોગ ભૂમિ છે કે જ્યાં ભક્તિનો યોગ થાય છે અને સ્વર્ગ એ ભોગ ભૂમિ છે. જ્યાં પૃથ્વી ઉપર જે ભક્તિ યોગ થયો છે / મળ્યો છે તેના પુણ્યનું સુખ ભોગવવાના સુખનું સ્થાન તે છે અને ભગવાનના ચરણોમાં સેવા કરવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

આ બધું પ્રાપ્ત કરવા સર્વ ભક્તોએ નાનામાં નાના ભક્તનો ગુણ ગ્રહણ કરવો અને દરેક પરિસ્થિતિમાં મહારાજ રાજી રહે તે રીતે વર્તવું. તેમ કહેતા આશીર્વાદ આપતાં કહ્યું કે એક પુરુષને ભક્તિ વાળી પત્ની મળી તો ભક્તિ કરવામાં સાનુકુળતા મળી, બીજા પુરુષને વૈરાગ્ય મળ્યો તો સંસારનું સુખ ન મળ્યું, ત્રીજાને ઝગડાળું પત્ની મળી. તો આ બધી પરિસ્થિતિમાં ભગવાનનો આભાર માનવો કે આ સુખ દુઃખ આપવાનો પ્રભુનો આશય (હેતુ) હશે કે જેનાથી જીવનું કલ્યાણ થવાનું હશે જેથી દરેક પરિસ્થિતિમાં રાજી રહેવું.

છેલ્લે કીર્તન ગાઈ - વાણી દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા જણાવી સંધ્યા આરતી કરી સર્વ બાઈ હરિભક્તોએ મહા પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. આમ મોટી સંખ્યામાં બહેનોએ લાભ લઈ સૌને રાજી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

●

## સુખ અને દુઃખ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

દિવસ અને રાત્રીની જેમ સુખ અને દુઃખ તો જીવનમાં આવવાના છે. માટે સુખમાં સંયમ રાખવો. છકી ન જવું. અને દુઃખમાં ધીરજ રાખવી. ''સબદિન હોત ન એક સમાન''. સુખ અને દુઃખતો આવ્યાં કરે છે. તેની ઘટમાળ ચાલ્યાં જ કરે છે. આજે ભલે દુઃખોનો દાવાનળ સળગ્યો હોય, કાલે સુખની શીતલ વર્ષા થવાની જ છે. એમ માનવું. બીજાને સુખી જોઈ સુખી થવું. એના જેવું બીજું સુખ એકેય નથી. વળી બીજાને જ સુખી કરવામાં સુખ માણે એના જેવો બીજો કોઈ સુખી નથી. પરમ કૃપાળુ પરમાત્મા જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં સંતોષ માણો એના જેવો પરમ સુખિયો બીજો કોઈ નથી.

''ભૌતિક સુખની ભ્રમણાઓમાં, જીવ ચડ્યો ચકડોળે,
સાંસારિક સુખના હિંડોળે, તનને રોજ હિંચોળે.''

ભક્તિ એજ જીવનનું ભાતું છે. માટે કાળજામાં કોતરી કાઢો કે કાયાની કુમળી કળી ક્યારેક તો કરમાવાની છે જ. માટે આત્માનંદ પ્રાપ્ત કરો. મજૂરની પેઠે કપાળે કરચલિયો પાડી, પેટ માટે ગધ્ધા વૈતરૂં ન કરતાં, એક રાજકુમારીની માફક આનંદ માટે, આત્માનંદની પ્રાપ્તિ માટે રાત-દિન મહાપુરુષાર્થ કરો. ખૂબ ખાવાથી નહીં પણ થોડું એ પચાવવાથી દેહ પુષ્ટ થાય છે. તેમ બહુ કમાવાથી નહી પણ થોડુંય બચાવવાથી સમૃદ્ધ થવાય છે.

ભૌતિક સુખ મેળવીને માનવી શાશ્વત સુખ ગુમાવે છે. જે સુખમાં અભિમાન ભળે છે એ સુખ પોતાની સાત્વિકતા ગુમાવી બેસે છે. જેમ જેમ સંપત્તિનો વધારો થતો જાય છે તેમ તેમ તેની અંદરની ગરીબી વધતી જાય છે. પોતાને તૃપ્તિનો અનુભવ થતો નથી અને અસંતોષ નજરે પડે છે. સ્થૂળ સંપત્તિ કદાપિ તેને શાંતિ કે સુખ આપી શકતા નથી. સુખનો સંબંધ સાધન, સામગ્રી, સંપત્તિ સાથે જેટલો છે તેનાં કરતાં વધુ તે મનના વલણ સાથે છે. તન, મન, અને ધનથી તો કોઈક ભાગ્યેજ સુખી હોઈ શકે.

ગીતાકારે નરકના ત્રણ દ્વાર દર્શાવ્યા છે. એક કામ, બીજું, ક્રોધ, અને ત્રીજું દ્વાર લોભ. શાંતિ એ જીવનનો મોર મુગટ છે. શાંત અને સ્થિર ચિત્ત દ્વારા જ અખંડ આનંદની અનુભૂતિ થાય છે. ઘણી વખત આપત્તિ પણ આશીર્વાદ રૂપ થઈ પડે છે.

''આવે પ્રાણી એકલો, જાય એકલો આપ
સાથે પુત્ર - પરિવાર નહિ, સાથ પુણ્યને પાપ.''

સાચું સુખ પુત્ર - પરિવારમાં નથી, સાચું સુખ ખાવામાં નથી. ખવડાવવામાં છે. સાચું સુખ તો ભગવાનની ભક્તિ અને ભગવાનના શરણમાં છે. કર્તવ્ય પાલન, ધર્મપાલન, ત્યાગ, દાન, સેવા અને ભગવાનને શરણે જવામાં છે.

પરમાત્મા સુખ-શાંતિના અગાધ સાગરરૂપ હોઈ તેમનામાં તન્મય થઈએ ત્યારે સુખ શાંતિનો પ્રવાહ વહેવા માંડે છે. લાખો સ્ત્રી પુરુષો ચિંતામાં ડુબી રહેલા જણાય છે. અને મનથી શરીરથી કંટાળી શાંતિ સુખ મેળવવા માટે અનેક સ્થળે ફરે છે. પણ સાચી સુખ-શાંતિ મળતી નથી. કારણ કે જ્યાં તે વસ્તુ જ નથી ત્યાં શોધવા ફરે છે. માટે સાચી શાંતિ મળતી નથી. ખરેખર શાંતિ સુખ મેળવવાનું ખરૂં સ્થાન માણસના હૃદયમાં વિશેષરૂપે રહેલા પરમાત્મા જ છે. અને તેથી સુખ પોતાના અંતરમાં નહીં શોધતા બહારથી મેળવવાને માટે ગમે તેટલા મથીએ પણ જ્યાં સુધી પ્રગટ ભગવાનના અતિ મોટા સત્‌પુરુષનો સંબંધ નહિ થાય અને હૃદયમાં પરમાત્માના તેજોમય દર્શન નહિ થાય ત્યાં સુધી સાચું સુખ નહિ મળે. પરમાત્માની સાથે ઐકય રાખવું તોજ સુખ મળશે. પરમાત્માનું અખંડ સ્મરણ કરવું.

માણસ દુઃખી છે તેનું કારણ તે પ્રભુને ભૂલ્યો છે. પ્રભુના ઉપકારને ભૂલ્યો છે. જે ઈશ્વરને ભૂલે તે કદી સુખી ન થાય. સુખ મેળવવા હવાતિયા મારતો આજનો માનવી શરીર તેમજ ઈન્દ્રિયોના સુખને જ સાચું સુખ માની બેઠો છે. સુખ પ્રાપ્તિ માટે તે કપટ અને અસત્યને આચરે છે. અને સદાચારને નેવે મૂકે છે. તેને ''મનની શાંતિ વગરના સર્વ સુખ અને આનંદ ઝાંઝવાના જળ જેવા લાગે છે. માનવીએ આંતરિક શાંતિ ગુમાવી દીધી છે. માનવી આધિ, વ્યાધિ, ઉપાધિના કારણે દુઃખી થતો હોય છે. આ દુઃખ ટાળવુ હોય તો કળિયુગમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ હોઈ તેમની શરણાગતિ સ્વીકારીને ભક્તિને સત્સંગ કરવાથી જ દુઃખ માત્ર ટળી જાય છે. પ્રગટ સ્વામિનારાયણ ભગવાનને શરણે જવા માટે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી થકી વર્તમાન લઈને કંઠમાં કંઠી ધારણ કરી તેઓશ્રી તરફથી ભગવાનનો શરણાગત મંત્ર લેવો ને પંચવર્તમાન પાળવા. દરરોજ ભગવાનની પૂજા કરવા માટે પૂજા પેટી લેવી અને પ્રતિદિન મંદિરે જવું. મંદિરે સત્સંગ અને ભક્તિ કરવા માટે જવું. અનુકુળ ન હોય તો રજાના દિવસે તો અવશ્ય જવું. તેમજ પૂનમ, એકાદશી, જન્માષ્ટમી, રામનવમી, બેસતું વર્ષ આદિ પર્વના દિવસે મંદિરે દર્શન માટે અવશ્ય જવું. તો જ આધિ-વ્યાધિ, ઉપાધિના દુઃખો ટળી જાય છે. ને સુખની પ્રાપ્તિ થાય છે.

કળિયુગમાં તાત્કાલિક દુઃખ ટાળવા હોય તો હરતાં ફરતાં ખાતાં-પીતાં નાહતા-ધોતાં, બેસતાં-ઉઠતાં, શુભ ક્રિયામાં અશુભ ક્રિયામાં અખંડ મહામંત્રનો જપ ''સ્વામિનારાયણ'' ''સ્વામિનારાયણ'' કરવો. કેમ કે સત્‌યુગમાં તપ કરવાથી અને ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી અને દ્વાપર યુગમાં સેવા કરવાથી અને કળિયુગમાં મહામંત્ર સ્વામિનારાયણના જપ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે ને દુઃખ માત્ર ટળી જાય છે. તેમજ ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીને વચનામૃત થકી ઉપદેશ આપેલ છે. જેમાં પોતાના આશ્રિતજનો આલોકને પરલોકમાં સુખી થાય માટે શિક્ષાનાં વચનરૂપી શિક્ષાપત્રી શાસ્ત્ર લખેલ છે. જેમાં બ્રહ્મચારી, સાધુ, આચાર્ય મહારાજશ્રી, ગૃહસ્થ બાઈ-ભાઈને વર્તવાની શિખામણ આપી છે. જેના દરરોજ પાઠ કરવાથી જીવનમાં ઉતારવાથી, આજ્ઞા પાળવાથી સુખી થવાય છે. ને આજ્ઞા લોપવાથી દુઃખી થવાય છે. તેમજ ભગવાને સ્વયં ઉપદેશ વચનામૃત શાસ્ત્રથી આપેલ છે. વચનામૃત જ્ઞાનથી ભરપૂર છે. સર્વશાસ્ત્રનો સાર છે માટે દરરોજ વાંચવાનો અભ્યાસ કરી, જીવનમાં ઉતારવાથી ધર્મ-જ્ઞાન, વૈરાગ્ય-ભક્તિની પ્રાપ્તિ થાય છે. ને જગતમાંથી વૃતિ પાછી વાળી શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ રાખવાથી સુખિયા થવાય છે ને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ને ભૌતિક તેમજ સાંસારિક સુખની નિવૃત્તિ થાય છે અને સાચું સુખ પ્રાપ્ત થાય છે. ને અખંડ ભગવાનનું સ્મરણ રહે છે. ભગવાનની આજ્ઞા પાળવામાં સુખ છે ને લોપવામાં દુઃખ છે. માટે આજ્ઞામાં રહેવું.

●

## ભાભીએ પકડી પાડ્યા

- જાનકી નીકિકુમાર પટેલ (ઘાટલોડીયા)

જગતમાં બે વસ્તુ એવી છે કે જેટલી વેંહચો એટલી વધે, એ કઈ બે વસ્તુ છે જાણો છો ? તો જણાવી દઈએ. એક ''આનંદ'' અને બીજું 'જ્ઞાન''.

રમણીય અને દિવ્ય અલૌકિક ભૂમિ છપૈયાધામનું સ્મરણ કરતાં જ હૃદયમાં આનંદ વ્યાપી જાય. છપૈયા એટલે સાક્ષાત્ અક્ષરધામનો આવિર્ભાવ. રમણીય વૃક્ષ - વનરાજી, મધુર જળથી લહેરાતી તલાવડીઓ અને હરિગુણ ગાતા પક્ષીઓના કલરવથી જ્યાં શોભામાં અભિવૃદ્ધિ થઈ રહી છે. મુક્તો અને દેવો જ્યાં દિવ્યરૂપે અખંડ આવ-જા કર્યા કરે છે. ઋષિ અને તપસ્વીઓને ગમે એવા અલૌકિક અને ખુશનુમા વાતાવરણમાં જ્યાં સદાય આનંદની હેલીઓ આવ્યા કરે છે તેવી ભારત વર્ષની પવિત્ર ભૂમિ છપૈયામાં ધર્મભક્તિને ઘેર સાક્ષાત્

આનંદકંદ રસેશ્વર માધુરી મૂર્તિ ઘનશ્યામ બિરાજે છે. છપૈયાવાસીઓ કાયમ આનંદમાં તરબોળ રહેતા. છપૈયામાં નારાયણ સરોવરને કિનારે ધર્મપિતાની ગાયો બંધાતી. મંગળ નામે ગોવાળીઓ ગાયની ચાકરી કરતો અને સાચવતો, અને દરરોજ ગાયોને દોહીને દૂધના દેગડાં ધર્મદેવને ઘેર પહોંચાડી જતો. આમ તો મંગળના કામમાં ખામી નહોતી. પરંતુ ભક્તિમાતાને એકવાર શક પડ્યો કે આ મંગળીયો દૂધમાં ભેળસેળ કરતો લાગે છે. સુવાસિની ભાભીને પણ એવો જ વહેમ પડ્યો એટલે વાત પાકી થઈ.

હવે શું કરવું ? છેવટે માતાજીએ એના પર નજર રાખવાનું કામ ઘનશ્યામ મહારાજને સોંપ્યુ. સરોવરના દક્ષિણ કિનારે ધર્મદેવની ગૌશાળા હતી. સાંજ સવાર ઘનશ્યામની દેખરેખ હેઠળ ગાયો દોહવાય. અને દૂધના પાત્રો ભરાય. એટલે મોટા દેગડામાં ઠલવાય, બધી ગાયો દોવાઈ જાય ત્યારે દૂધના દેગડાં ગોવાળ પાસે ઉપડાવીને પ્રભુ ઘેર આવતા.

ઘનશ્યામને દૂધની જવાબદારી મળી એટલે આનંદ થયો. સારો હોદ્દો મળે તો સેવા કરી લેવી. હોદ્દાનો સદ્‌પયોગ કરી લેવો. એમ સમજીને પ્રભુએ છપૈયાવાસી બાલમિત્રોને કહ્યું. મિત્રો ! આવતીકાલથી તમે લોકો વાટકા લઈને આવજો. પછી તો નારાયણ સરોવરને કિનારે બાળકોની લાઈન લાગી જતી. દરેક બાલમિત્રો, હોંશે હોંશે ગાયનું મધુર દૂધ પીતા. ઘનશ્યામ હોંશિયાર બહુ ! દૂધના દેગડાં ક્યારેય અધુરા રહેવા દેતા નહિ.

હવે, દૂધની બાબતમાં ગોવાળ ઉપર શંકા રાખવા જેવું હતું જ નહિં. છતાં દૂધ તો એવું ને એવુંજ પાતળું રહ્યું. ભાભી દૂધમાંથી દહીં જમાવતા તો દહીં પણ બરાબર જામતુ નહી. માખણ પણ પ્રમાણસર ઉતરતું નહિ. ભાભીએ માતાજીને આ હકીકત કહી સંભળાવી, તો માતાજીએ કહ્યું કે એવું બને કે આપણા ઘનશ્યામની નજર ચુકવીને આ ગોવાળ ભેળસેળ તો નહિ કરતો હોય ને ? ના, માતાજી, આ ઘનશ્યામ ક્યાં કોઈનાથીય છેતરાય એવા છે ? બહુ હોંશિયાર છે. ભાભીએ વાત પાકી કરી.

વાત ચાલે છે ત્યાં ઘનશ્યામના મિત્રો હાથમાં વાટકા લઈને ત્યાંથી પસાર થયા. ભાભી પગેરુ શોધવામાં લાગી ગયા. બાળકોને ઉભા રાખીને પૂછ્યું, બેટા ! આ વાટકા લઈને તળાવ ઉપર ગયા હતા ? હાં, માતાજી. ઘનશ્યામ ભૈયાએ કહેલું કે જેને ઘેર દૂધ પીવા ન મળતું હોય તેઓએ વાટકા લઈને દૂધ પીવા આવવું તેથી અમે દરરોજ દૂધ પીવા જઈએ છીએ અને ઘનશ્યામ વાટકા ભરીને દૂધ પાય છે. મજા પડે છે. પોતે પણ અમારી સાથે પીવે છે. ભાભીએ પૂછ્યું : શું ગોવાળને આ વાતની ખબર નથી ? ના, ઘનશ્યામ ગોવાળની નજર ચૂકવીને આ કામ કરે છે. વાત સાંભળીને ભાભીને આશ્ચર્ય થયું. મૂળ તો ઘનશ્યામનો સ્વભાવ દયાળુ છે. એટલે કોઈનું દુઃખ એમનાથી જોવાતું નથી. એટલે જ બાળકોને દૂધ પાઈ દે છે. છતાં આ દૂધના દેગડાં પહેલાના જેટલાં જ ભરાઈને આવે છે. એમાં કંઈક રહસ્ય છે. ભાભીએ ફરીથી બાળકોને પૂછ્યું. આ ઘનશ્યામ ભૈયા શું ચમત્કાર કરે છે, જેથી અધૂરા દેગડાં અધૂરા જ થતા નથી ? ત્યાં છોકરાં બોલ્યા, 'અરે ! ક્યાંથી અધૂરા થાય ? અમે દૂધ પીને વાટકા ચોખ્ખા કરીને એમાં નારાયણ સરોવરનું પાણી ભરી લાવીએ છીએ. અને ઘનશ્યામ એ પાણી દેગડામાં રેડી દે છે. એટલે દેગડાં હતાં એટલાં જ ભરાઈ જાય છે. ખાલી ક્યાંથી રહે ? વાહ ! શું ઘનશ્યામની લીલા છે !

ત્યાં તો ઘનશ્યામ મહારાજ ગોવાળ પાસે દેગડાં ઉપડાવીને ઘેર આવી પહોંચ્યા. પ્રભુને જોઈને માતાજી તથા ભાભી હસવા માંડ્યા. ભાભીએ તો આવતા વેંત જ પૂછી નાખ્યું હમણાંથી દૂધ પાતળુ કેમ આવે છે ? પ્રભુએ નિર્દોષભાવે જવાબ આપ્યો, કે તાજી વિંયાએલી ગાયનું દૂધ એવું જ હોય ને ? જવાબ સાંભળીને બધા ખૂબ હસવા લાગ્યા આનંદ, આનંદ થઈ ગયો.

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ‘‘પોતાના આશ્રિત જે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોત પોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો’’ શ્રીજી મહારાજે શિક્ષાપત્રી ના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. ૨ ‘‘અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા હજારો માણસોનો મેળો ભરાયો હતો અમારા અંતરમાં એક ભગવાન નરનારાયણ વિના બિજું કોઈ ગમ્યું નહી.’’ શ્રીજી મહારાજે સ્વમુખે ક્યા વચનામૃત માં કહ્યું છે.?

પ્ર. ૩ શ્રી હરિલીલા સિંધુ નામનો મહાન ગ્રંથ કોના દ્વારા લખાયેલો છે. ?

પ્ર. ૪ ઈચ્છારામભાઈ મહારાજે દેહત્યાગ કર્યો અને શ્રીજી મહારાજ દેન દેવા પધાર્યા તે વખતે મહારાજે બ્રહ્માનંદસ્વામી ને ક્યું કીર્તન બોલવાનું કહ્યું ?

પ્ર. ૫ ગામ વસોના ગીરીધરભાઈ પાટીદાર ગઢપુર મહારાજના દર્શન માટે આવ્યા તેઓએ દંડવત પ્રણામ કરી પગે લાગ્યા. ગીરધરભાઈ કેવા સંકલ્પથી ગઢપુર આવ્યા હતા ?

પ્ર. ૬ શાસ્ત્રમાં અષ્ટસિધ્ધી અને નવનિધિ ની વાત આવે છે નવ નિધિના નામ જણાવો ?

પ્ર. ૭ ‘‘સત્સંગી આપો સૌ નામનું ,નામનું નામનું નામનુ રે..... સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનું રે.....’’ આ સુંદર કિર્તન ના રચયિતા કોણ છે ?

## જુલાઈ-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ૧૫૬ (૨) વ. ૭૮ સ.ગુ. નિર્માનાનંદ સ્વામી (૩) સ.ગુ.મુક્તાનંદ સ્વામી , સંતો એક દમ ખીજાઈને કહે ધ્યાન તો તમારું જ થશે બીજા કોઈનું નહિ. (૪) વઢવાણ (૫) ‘‘અપની પહોંચ વિચાર કે કરીએ તેસી દોડ, એસા પાવ પસારીયે જેસી લંબી સોડ સાહેબ સરીખા શેઠીયા બસે નગર કે માંહી, તીનકે ઘરમે ક્યા કમી, જાકી હુંડી ચલત નવખંડ માંહી’’ (૬) નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, રાધારમણદેવ, મુરલીમનોહરદેવ, રેવતી બળદેવજી હરિકૃષ્ણમહારાજ, મદનમોહનજી મહારાજ, નરનારાયણદેવ, ગોપીનાથજી મહારાજ (૭) ‘‘જે તારી અખિયામાં જાજી રીસરે તને મગદળ ભાવે નહિ એતો શ્વાન જ જાણી પાળાને મખીજે મખીજે’’

૧. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩. સાં.યો. કોકીલાબા ઉષાબા (સુરેન્દ્રનગર)
૪. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૫. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૬. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૭. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી કલોલ)
૮. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૯. સાં.યો. રંજનબેન તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર)
૧૦. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (બહેનોનું મંદિર ધ્રાંગધ્રા)
૧૧. સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વા.મંદિક કાલુપુર, હવેલી)
૧૨. પટેલ દિપીકા હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૧૩. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૪. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૫. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૧૬. પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૧૭. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૮. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૧૯. સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૨૦. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨૧. ગવૈયા ચંદ્રપ્રકાશદાસજી સ્વામી (માણસા)
૨૨. શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૨૩. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૨૪. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૨૫. ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૨૬. પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૭. સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)
૨૮. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૨૯. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૩૦. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૧. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૨. કંચનબેન ભગવાનજી (મોરબી)
૩૩. કમુબેન નારણભાઈ (વડુ)
૩૪. સોની શોભનાબેન સુરેશકુમાર (અમદાવાદ)
૩૫. અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૩૬. પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૩૭. સુથાર સુધાબેન પ્રકાશભાઈ (ઝુલાસણ)
૩૮. બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૩૯. હરિભક્ત બહેન
૪૦. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૨૨-૭-૧૩ ના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવ દબદબાભેર ઉજવાયો.

અમદાવાદ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રથમ વાર ઉજવાયો. પ્રાતઃ ૮-૫ મિનિટે પ.પૂ. લાલજી મહારાજશ્રી સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારવા પધાર્યા. ત્યારબાદ દર્શન કરી સભામાં બિરાજમાન થયા. સૌ પ્રથમ ભૂદેવો દ્વારા સ્વસ્તી વાચન અને મુખ્ય યજમાન અ.સૌ. ક્રિષ્ણાબેન નવીનભાઈ માંડલીયાના (મોરબી) સુપુત્ર પ્રતિક તથા ઉત્સવે અને સહ યજમાન પ.ભ. કાંતિભાઈ માવજી ખીમાણી (બોલ્ટન યુ.કે.) પરિવારે ગુરુ પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ નાના વિદ્યાર્થી સંતો યોગી સ્વામી, શા. યજ્ઞપ્રકાશદાસ, સ્વા. હરિપ્રસાદદાસ (ભુજ), શા. અભિષેકપ્રસાદદાસ, વામન સ્વામી, આનંદ સ્વામી, શા. દિવ્યપ્રકાશદાસ, માધવ સ્વામી અને ગોપાળ સ્વામી આદિ સંતો એ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પૂજન આરતીનો લાભ લીધો. અમદાવાદ મંદિરના સ્કીમ કમિટીના સભ્યશ્રીઓએ સમૂહમાં આરતી ઉતારી લાભ લીધો હતો. ત્યારબાદ અમદાવાદ, ભૂજ, મૂળી અને ધામો ધામથી પધારેલા સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન આરતી પુષ્પહાર પહેરાવી લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં સર્વે યુવા સંત વતી શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી (વડનગર), શા.સ્વા. હરિપ્રસાદદાસજી (ભુજ) અને શા.યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) આદિ સંતોએ ગુરુ પૂજનનો મહિમા કહ્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય ભાગ-૫ ડીવીડીનું વિમોચન વિધિવત રીતે કરીને સમસ્ત સભાને ખૂબજ પ્રસન્ન ચિત્તે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ખૂબજ શિસ્તબધ્ધ રીતે વડીલ હરિભક્તો અને ગામો ગામથી પધારેલા નાના મોટા સર્વે હરિભક્તોએ ચરણ સ્પર્શ દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું. ૨૦૦૦ જેટલા ઉત્તર ગુજરાતના હરિભક્તોએ પદયાત્રા દ્વારા દેવ અને ધર્મકુળના દર્શન કરી થાકને ઉતારી નાખ્યો. સમગ્ર આયોજનમાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, જે.કે. સ્વામી, બ્ર. રાજેશ્વરાનંદજી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અમદાવાદ આદિની સેવા પ્રસંશનીય હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સંત-હરિભક્તોને યુરોપથી સેલફોનના માધ્યમથી આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. સભા સંચાલન સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)એ સુંદર રીતે સંભાળ્યું હતું. (શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી, અમદાવાદ)

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પૂ. શ્રીરાજાનો ૧૨ મો જન્મોત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચિ. સુપુત્રી પૂ. શ્રીરાજાનો ૧૨ મો જન્મોત્સવ અષાઢ સુદ-૧૦ ને તા. ૧૮-૭-૨૦૧૩ ને ગુરુવારના રોજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે ધામધૂમથી સંપન્ન થયો. સાંજે ૫-૩૦ કલાકે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી સાથે પૂ. શ્રીરાજા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પધાર્યા. હોલ નં. ૮ માં વિરાજમાન શ્રી નરનારાયણદેવના દર્શન કરી હોલ નં. ૧૨ માં જ્યાં જન્મોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું ત્યાં વિરાજમાન થયા. જન્મોત્સવ સભાના પ્રારંભમાં (બાપૂનગર એપ્રોચ)ની બાલિકાઓએ તૈયાર કરેલ શ્રી ઘનશ્યામ મહારાજના બાલ ચરિત્રોને તાદ્દશ કરતું અલૌકિક સુંદર ચિત્રોનું પ્રદર્શન પૂ. શ્રીરાજાના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયું. જેને સમસ્ત ઉપસ્થિત બહેનો-બાલિકાઓએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધું. ત્યારબાદ બાલવા અને વિસનગરની બાલિકાઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો. પ.પૂ. ગાદીવાળાશ્રીએ દરેક સત્સંગી બહેનોને પોતાની દીકરીઓમાં સારા શુભ સંસ્કાર સિંચન માટે બાલિકા મંડળમાં ભાગ લેવા ખાસ અનુરોધ કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે કાલુપુર અને વિસનગરના સાંખ્યયોગી બહેનોએ પૂ.શ્રીરાજાને શુભેચ્છા પાઠવી હતી. જન્મોત્સવ પ્રસંગમાં અમદાવાદ, બાલવા, વિસનગર, મકાખાડ, હિંમતનગર અને ઝુંડાલ આદિ ગામોથી બાલિકાઓએ ઉપસ્થિત રહીને લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (રૂપલબેન, બાપુનગર)

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં વિવિધ ગામોમાં થયેલ પ્રવૃતિઓ

### શ્રીનગર (કલોલ) મંદિરમાં વૃક્ષારોપણ અંતર્ગત છોડનું વિતરણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવના ઉપક્રમે ૧૬ આયોજનો પૈકી ૪૧૦૦ વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત ૧૧૦૦ છોડના રોપાનું વિતરણ તા. ૨૦-૭-૨૦૧૩ શનિવારે સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ શ્રીનગર ખાતે સંપન્ન થયું. કડી-કલોલના ૩૦ ગામોના યુવાનોએ ગુજરાતને હરિયાળી ક્રાંતિ બનાવવામાં ભાગ લીધો. સંતોમાં શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર), માધવ સ્વામી, સત્યનારાયણ મંદિરના મહંતશ્રી (કલોલ) તથા આગેવાન સામાજીક કાર્યકરોના હસ્તે વૃક્ષારોપણ થયું. ૩૦

ગામોના યુવાનોએ સંતો અને કાર્યકરોના હસ્તે વૃક્ષના રોપા લઈ પોતાના ગામમાં રોપીને તેનું સતત જતન-ઉછેરની જવાબદારી સ્વીકારી હતી. સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નારાયણઘાટ (ટીમ નં. ૬) ની સેવા પ્રેરણારૂપ હતી.

(સમસ્ત સત્સંગ સમાજ શ્રીનગર-કલોલ)

**માણસા ગામે વૃક્ષારોપણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં (ગાંધીનગર ખાતે ઉજવાનાર) પ્રાકટ્યોત્સવના ઉપક્રમે ૧૬ કાર્યક્રમો-આયોજનો પૈકી સામાજીક કાર્યક્રમ અનુસંગિત ૪૧૦૦ વૃક્ષારોપણ ઝુંબેશના ભાગ રૂપે માણસા-વિજાપુરના ૨૭ ગામડાઓના હરિભક્તોએ વૃક્ષારોપણમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગમાં અમદાવાદ મંદિરના સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) આદિ સંત મંડળે વૃક્ષ-રોપાનું વિતરણ કર્યું હતું. આવી સુંદર પ્રવૃત્તિમાં સમાજ સેવક પ.ભ. ગોવિંદભાઈએ પણ લાભ લીધેલ. સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવની રૂપરેખા દ્વારા હરિભક્તોને માહિતગાર કર્યા હતા. સંતોએ સૌ પ્રથમ સમાજની વાડીમાં વૃક્ષારોપણ નો પ્રારંભ કરી સૌને પ્રેરણા પુરી પાડી હતી. તા. ૭-૭-૧૩ નો સુંદર કાર્યક્રમ સમાજની વાડી માણસામાં થયેલ. જેમાં યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વતી યાસિનભાઈ)

**ઉત્તર ગુજરાતના હરિભક્તો દ્વારા શ્રી નરનારાયણદેવના દર્શને સમૂહ પદયાત્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આગામી તા. ૧૩-૧૦-૨૦૧૩ રવિવારના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૧ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવવાનું સમગ્ર સત્સંગ સમાજે સુંદર આયોજન નિર્ધારિત કરેલ છે. જે પ્રસંગના ઉપલક્ષમાં અનેકવિધ કાર્યક્રમો પૈકી ૮ સામાજિક અને ૮ ધાર્મિક પ્રવૃતિઓ થશે. ધાર્મિક પ્રવૃતિમાં ૪૧૦૦ હરિભક્તો દ્વારા સમૂહ પદયાત્રા થશે. જે અંતર્ગત ગુરુપૂર્ણિમાના શુભ દિને સમગ્ર ઉત્તર ગુજરાતના ગામડાઓ પૈકી માણેકપુર, મકાખાડ, લિંબોદ્રા, બાલવા, મોખાસણ, સોજા, સમૌ, વિજાપુર, ભાણપુર, જેપુર, વજાપુર, સાંકાપુરા, આમજા, ચાંદીસણા અને કડી-કલોલ પ્રાંતના ટાંકીયા, ડાંગરવા, ગોવિંદપુરા (વેડા) અને મારૂસણા આદિ ગામોના ૨૦૦૦ જેટલા હરિભક્તોએ સમૂહ પદયાત્રા દ્વારા અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

નોંધ : આગામી તા. ૨૯-૯-૨૦૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં જન્મોત્સવના ઉપલક્ષમાં અમદાવાદ સીટીના દરેક મંદિરો દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક વિસ્તારના હરિભક્તોએ ખાસ લાભ લેવો. ભાગ લેનાર દરેક હરિભક્તોને **તા. ૨૯-૯-૨૦૧૩ ના રોજ સવારે ૭-૩૦ કલાકે** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પહોંચી જવા ખાસ સૂચન છે. ત્યારબાદ સભાનું આયોજન કરેલ છે. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નારાયણઘાટ, હિરાવાડી)

**સંતો દ્વારા ગામડામાં કથાવાર્તા**

સ.ગુ. શા.સ્વા. કુંજવિહારીદાસજી દ્વારા ભીમપુરા, વજાપુર, ભાણપુર અને જેપુર આદિ ગામોમાં ૪૧ સમૂહ મહાપૂજા, ૧૨૧ જન મંગલ પાઠ, અખંડ ધૂન તેમજ કથાવાર્તા દ્વારા હરિભક્તોને રાજી કરી દિવ્ય લાભ આપ્યો હતો. તેજ રીતે ગોધાવી, મણીપુરા અને ગરોડીયા ગામે કથાવાર્તા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. (શા.કુંજ સ્વામી)

**વૃક્ષારોપણ કાર્યક્રમ**

૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં સાદરા-વાસણા દેશના મુખ્ય ૮ વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) ના વરદ્ હસ્તે વૃક્ષોનો સ્વીકાર કરી પોતાના વિસ્તારમાં ૧૫૦૦ રોપાનું રોપણ કર્યું હતું. ખૂબજ મોટી સંખ્યામાં યુવકો ઉત્સાહભેર જોડાયા હતા. તા ૭-૭-૨૦૧૩ને રવિવારના રોજ સવારે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે વૃક્ષારોપણ પ્રસંગે સુંદર સભા યોજવામાં આવી હતી. જેમાં સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. છેલ્લે પૂ. મહંત સ્વામીએ યુવાનોને આશીર્વાદ આપી પ્રેરણા પુરી પાડી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, નારાયણઘાટ)

**મુબારકપુરા (ગાંધીનગર) ૪૪૧ મિનિટની અખંડ ધૂન**

૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપક્રમે ગાંધીનગર જીલ્લાના મુબારકપુરા ગામે હરિભક્તોએ સાથે મળી દેવશયની એકાદશીના દિવસે સવારે ૮-૩૯ થી સાંજના ૪ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરી હતી. સમાપન પ્રસંગે નારાયણઘાટ મંદિરના મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને ધૂનની પૂર્ણાહુતિ કરી હતી. શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા કહ્યો હતો. શા.સ્વા. પુરૂષોતમપ્રકાશદાસજીએ એકાદશી મહિમા સુંદર રીતે વર્ણવ્યો હતો. સભા બાદ જનમંગલ પાઠ કરી પૂર્ણાહુતિ કરી હતી. ધૂનમાં ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-મુબારકપુરા)

**ટાંકીયા ગામે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપક્રમે ધાર્મિક કાર્યક્રમ પૈકી રાત્રે ટાંકીયા ગામે કલોલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સાથે શા. માધવપ્રિયદાસજી પધારીને શ્રી

નરનારાયણદેવ અને ધર્મવંશીના મહિમાની કથા, ધૂન, કીર્તન આદિ કર્યા હતા. (મહેન્દ્રસિંહ - ટાંકીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ સાબરમતી તરફથી ૧૪૧ પૂજા પેટી (સંપૂર્ણ) તૈયાર કરી જુદાં જુદાં ગામોમાં સત્સંગી બહેનોને આપતા પહેલા પૂજા શા માટે અને કેવી રીતે કરવી તેની સમજણ આપી હતી. સાથે સાથે આપણા અંકના સભ્યો બનાવવાની ઝુંબેશ ચાલું છે. જન મંગલ સમૂહ પાઠ પણ કરવામાં આવેલ.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી મહિલા મંડળની બહેનો દ્વારા રોજ સત્સંગ સભા થાય છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંબાપુર (ગાંધીનગર)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર અંબાપુર ગામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા તા. ૧૮-૭-૨૦૧૩ ના રોજ સવારે ૫-૦૦ થી રાત્રીના ૧૧-૦૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરવામાં આવી હતી. સાથે સમૂહ મંત્રલેખન અને જનમંગલના પાઠ પણ કરવામાં આવ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા (હીરામોતી)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડામાં ૧૪૧ મિનિટની મહામંત્ર ધૂન કરી હતી. ૪૧ ભાઈઓ-બહેનોએ ચાંદખેડાથી શ્રી નરનારાયણદેવ (કાલુપુર) ની પદયાત્રા કરી હતી. ૪૧ બાલ સભા પૈકી ૧૪-૭-૧૩ ના રોજ પ્રથમ બાળસભા સુંદર રીતે થઈ હતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર પોર (ગાંધીનગર)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર પોરમાં ઘણા બહેનોએ પૂજા પેટી લઈ પૂજા નિયમિત કરવાનો સંકલ્પ કરેલ છે. સમૂહ મંત્રલેખન અને સમૂહ જનમંગલના પાઠ કરી ધર્મકુળનો રાજીપો મેળવ્યો છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરનો ૫૨ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી જેઠ વદ-૧૨ તા. ૪-૭-૧૩ ના રોજ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૨ મો પાટોત્સવ પ.ભ. નરેશકુમાર ભોગીલાલ ભાવસાર (અમદાવાદ) પરિવારના યજમાનપદે વધિવિત રીતે ધામધૂમથી સંપન્ન થયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક વેદ વિધિસર સંપન્ન થયો. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ અત્રેના સમાજ સેવક શ્રી સોમાભાઈ મોદી, નગરપાલિકા પ્રમુખ સુનીલભાઈ મહેતા, શ્રી આઈ.એમ. ભાવસાર તથા યજમાન શ્રી નરેશભાઈને પ.પૂ. મહારાજશ્રીએ શાલ ઓઢાડી મૂર્તિ આપી આશીર્વાદ પાઠવ્યા હતા.

સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ), કોઠારી શા. વિશ્વપ્રકાશદાસજી અને શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ વડનગર સત્સંગની નિષ્ઠા અને સત્સંગની ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન થાય તેવી શુભ ભાવના વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ શોભાવ્યું હતું. અને અન્નકૂટ સેવા પૂજારી શા.સ્વા. અભિષેકપ્રસાદદાસે કરી હતી.

(મોદી નવિનચંદ્ર એમ.)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર ૧૬૭ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૭ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

તા. ૧૪-૬-૧૩ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વેદવિધિસર સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી.

પ્રાસંગિક સભામાં સ.ગુ.શા.સ્વા. હરિકેશવદાસજી, સ.ગુ.સ્વા. રઘુવીરચરણદાસજી અને સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીએ પ.પૂ. મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પાટોત્સવના યજમાન પ.ભ. વિરચંદભાઈ ભીખાભાઈ પરિવારે (મણીયોર) પ.પૂ. મહારાજશ્રીનું આરતી-પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોમાં શા.સ્વા. હરિકેશવદાસજી અને ધામોધામથી પધારેલા સંતોએ સુંદર પ્રેરણાત્મક પ્રવચનમાં ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના સુવર્ણકળશ અને સુવર્ણ સિંહાસન બનાવવાની જાહેરાત કરી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી હરિભક્તોને સેવા કરવા અનુરોધ કર્યો હતો. સભા સંચાલન શા.પ્રેમપ્રકાશદાસે કર્યું હતું. પ્રસંગમાં શા.સ્વા. હરિજીવનદાસજી, શ્રીજીપ્રકાશદાસજી, કોઠારી સત્યસંકલ્પદાસજી, સ્વા. વિશ્વવલ્લભદાસજી અને કુંજવિહારી સ્વામી પ્રેરણારૂપ રહ્યાં હતાં. (કોઠારી સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુકડીયા (ઈડર)નો ૩૦ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર)ની પ્રેરણાથી અત્રેના પ.ભ. ડૉ. બાબુભાઈ માણેકલાલ ભાવસાર પરિવારના

યજમાન પદે કુકડીયા મંદિરનો ૩૦ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે ઈડર દેશના નરસીપુરા, સાપાવાડા, પૃથ્વીપુરા અને અંકાલા ગામોમાં સંતો દ્વારા સત્સંગ સભા કરવામાં આવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અને અન્નકૂટ આરતી ના દર્શન અનેક ગામોના હરિભક્તોએ કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સભામાં યજમાન પ.ભ. ડૉ. બાબુભાઈ આદિ પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં સ્વા. પ્રેમપ્રકાશદાસજીએ સભા સંચાલન અને શા. વિશ્વવલ્લભદાસજી અને શા. કુંજવિહારી દાસજીએ મહાપૂજા આદિ સેવા બજાવી હતી. કુકડીયા અને નરસીપુરા ગામના યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(કોઠારી સત્યસંકલ્પદાસ, ઈડર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાયરા (સાબરકાંઠા) મૂર્તિ પ્રતિષ્ઠા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા મહંત)ના સુંદર માર્ગદર્શનથી મૂ.અ.મૂ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની પ્રાકટ્યભૂમિ વિસ્તાર એવા સાયરા ગામમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સાયરા ગામમાં આગમન થયું ત્યારે ભવ્ય શોભાયાત્રા દ્વારા ભવ્યાતિ ભવ્ય સ્વાગત શોભાયાત્રાના યજમાનશ્રી અને સમસ્ત ગામ દ્વારા કરવામાં આવ્યું.

તા. ૨૮-૫-૧૩ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આરતી ઉતારીને કરી હતી. જેમાં મૂર્તિ અને સિંહાસનના યજમાનશ્રીએ મહાલાભ લીધો હતો. આ પ્રસંગે ત્રિદિનાત્મક ત્રિકુંડી મહાયજ્ઞ શાસ્ત્રી પ્રિયાંગભાઈ આદિએ કરાવ્યો હતો. જેમાં દરેક યજમાનોએ ભાગ લઈ ધન્ય ભાગી બન્યા હતા. યજ્ઞનારાયણની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે યજમાનશ્રીઓ લઈ આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીએ રામજી મંદિરમાં આરતી કરીને આપણા મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં શા.સ્વા. અખિલેશ્વરદાસજી અને રમણભાઈએ પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. સભા સંચાલન બ્ર.શા.સ્વા. હરિસ્વરૂપાનંદજી (છપૈયા)એ સંભાળ્યું હતું.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક પારાયણ શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંતશ્રી) ના વક્તાપદે થઈ હતી. કથાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મહારાજશ્રીની સાથે કથાના યજમાનશ્રીએ પણ દિવ્ય લાભ લીધો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પૂજનનો લાભ દરેક યજમાન પરિવારે આરતી ઉતારી ભેટ પૂજન કરી લીધો હતો.

ત્યારબાદ ભૂમિદાનના દાતા તથા નાનામોટા યજમાનશ્રીઓએ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે આશીર્વાદરૂપે ફુલમાળા અને ઠાકોરજીનું સ્વરૂપ ભેટ રૂપે મેળવી કૃતાર્થ થયા હતા.

મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગમાં અમદાવાદ, મૂળી, વડતાલ, આદિ ધામો ધામના સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા. બીજા દિવસે ઠાકોરજીની નગરયાત્રા ગામમાં દબદબાપૂર્વક નીકળી હતી. જેમાં મૂળી, અમદાવાદ, વડતાલ, છપૈયાધામ અને હરિદ્વારના સંતો જોડાયા હતા. યજમાનશ્રીઓ દ્વારા ઠેર ઠેર સરબત અને પાણીથી વ્યવસ્થા કરી હતી. રાત્રે ઠાકોરજીનો ધાન્ય નિવાસ યજમાનના ઘરે થયો હતો.

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના શુભ દિને ધામો ધામથી પધારેલા સંતોમાં જેતલપુરધામના મહંત સગુ.શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, શા. વિશ્વવિહારીદાસજી, સ.ગુ.શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ), શા. ચંદ્રપ્રકાશદાસજી, સ્વા. ધર્મકિશોરદાસજી, શા. આનંદસ્વરૂપદાસજી (મથુરા) આદિ સંતોએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દેવ મહિમા અને મંદિરનો હેતુ વગેરે પર વાત કરી નિર્માણ કર્તા સંત શા.સ્વા. અખિલેશ્વરદાસજી અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અત્રે સેવામાં જોડાયેલા સંતો પૈકી સ્વા. અનિરૂદ્ધચરણદાસજી, જે.પી. સ્વામી, શ્રીપ્રકાશ સ્વામી, ધર્મપ્રિયદાસજી (મૂળી), ભંડારી સ્વા. સૂર્યપ્રકાશદાસજી, સ્વા. નિલકંઠચરણદાસજી, સ્વા. ધર્મકિશોરદાસજી અને સ્વા. વિષ્ણુપ્રસાદદાસજી (અમદાવાદ), શા.સ્વા. આનંદસ્વરૂપદાસજી (મથુરા) આદિ સંતોએ તમામ પ્રકારની સેવા ઉત્સાહ શ્રધ્ધાથી બજાવી હતી. માણસા, ઈડર, લાલોડા, કલોલ, સિધ્ધપુર આદિ ધામોથી સંતો પધાર્યા હતા.

સતત ત્રણ દિવસ સુધી ગામના અને બહાર ગામથી પધારેલા ભક્તોને પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવેલ. ગામના ૨૦૦ યુવકોએ સુંદર સેવા કરી હતી. આ ઉપરાંત ચંદ્રેશ પટેલ, દિનેશ પટેલ (બાયડ), સલીલ પટેલ, મયંક પટેલ (આકરૂંદ), જસુભાઈ (માધવગઢ), જે.ડી. ઉપાધ્યાય (મથુરા), રાજુભાઈ પટેલ તેમજ સાયરા અને ધનસુરા યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. તેમજ કોઠારી રમણભાઈ, પૂનમભાઈ, ડાહ્યાભાઈ, અનીલભાઈ, અલ્પેશભાઈ, દિપન્સ, ભોળો પટેલ, આદિ યુવકો અને સ્વયંસેવક ભાઈઓને પ.પૂ. મહારાજશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે મથુરા મહંત સ્વામીએ આભાર વિધિ કરી હતી. (અલ્પેશભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી મોડાસા ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે તા. ૩-૬-૧૩ ના રોજ શિખર બધ્ધ મંદિરનું ખાત મુહૂર્ત વિધિવત રીતે સંપન્ન થયું હતું. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભૂમિદાન, ખાત મુહૂર્તના દાતા આદિનું ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું. સભામાં મહંત શા.હરિજીવનદાસજી (હિંમતનગર) મહંત બ્ર. સ્વા વાસુદેવાનંદજી, મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) અને શા. આનંદસ્વરૂપદાસજી (મથુરા) આદિ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તેમજ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, મહંત સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ) કોઠારી જે.કે. સ્વામી, ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી વગેરે સંતો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

મંદિર નિર્માણ કર્તા સ.ગુ. મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ પ્રાસંગિક રૂપરેખા સમજાવી હતી. આ પ્રસંગે સ્વા. નિલકંઠચરણદાસજી, સ્વા. વિષ્ણુપ્રસાદદાસજી, સ્વા. ધર્મકિશોરદાસજી, શા.સ્વા. આનંદસ્વરૂપદાસજી તેમજ આકરૂંદ, બાયડ, સાયરા, કંજરીકંપા અને માધવગઢ ગામના હરિભક્તોએ પણ સુંદર સેવા બજાવી હતી. શ્રી ઘનશ્યામ મહિલા મંડળ, કે.બી. પ્રજાપતિ, અમરતભાઈ, આર્કિટેક ચિરાગ સોની, સુભાષભાઈ સોની, રજનીભાઈ, હર્ષિલભાઈ, મનુભાઈ આદિ હરિભક્તો સેવામાં જોડાયા હતા. કે.બી. પ્રજાપતિ સાહેબે આભાર વિધિ કરી હતી.

(રજની તથા દશરથ પ્રજાપતિ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા કેસર સ્નાન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત શા. ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી જેઠ સુદ-૧૪ ના અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીને કેશર સ્નાન સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીએ વિધિવત રીતે કરાવ્યું હતું. જેના યજમાન પ.ભ. નારણભાઈ ઈશ્વરભાઈ પટેલ રહ્યાં હતાં. પ્રાસંગિક સભામાં સ્વામીએ સર્વોપરી શ્રીહરિ અને ધર્મકુળ મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. અહીં મંદિરમાં સુંદર સત્સંગ સભામાં શા. ઘનશ્યામ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપેલ અને ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામીએ કીર્તન ભક્તિ કરી હરિભક્તોને આનંદિત કર્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદનો ૩૬ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે સાણંદ મંદિરમાં સેવા પૂજા કરતા વયોવૃદ્ધ બ્ર. સ્વા. સંતોષાનંદજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદમાં બિરાજમાન ઠાકોકરજીનો ૩૬ મો પાટોત્સવ તા. ૧૫-૭-૨૦૧૩ ના રોજ વિધિવત રીતે ધામધૂમથી ઉજવાયો. દરેક હરિભક્તોએ પોતાના ઘરેથી અલગ અલગ વાનગીઓ બનાવી ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવ્યો હતો. પાટોત્સવના યજમાન પ.ભ. અ.નિ. ગોદાવરીબેન તથા મણીલાલ હેમચંદભાઈ ઠક્કરના સ્મરણાર્થે તેમના પુત્ર પ્રવિણભાઈ આદિએ લાભ લીધો હતો.

(જે.ડી. ઠક્કર)

**કડી ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કડી ગામે તા. ૨૧-૭-૧૩ ના રોજ સુંદર સત્સંગ સભા રાખવામાં આવી હતી. આ પ્રસંગે નારાયણઘાટ મંદિરથી શા. માધવપ્રિયદાસ સ્વામી અને ભાનુપ્રિયદાસ સ્વામીએ સર્વોપરી શ્રીહરિ અને ધર્મકુળ મહિમાની સુંદર વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - કડી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રીહરિના પ્રસાદીભૂત દિવ્ય ચરણોથી અંકિત એવા ઉંઝા શ્રી સ્વામિનારાયણ મંદિરના ૭૨ માં પાટોત્સવ પ્રસંગે ત્રિદિનાત્મક આખ્યાન કથા શા.સ્વા. માધવપ્રિયદાસજી (સિધ્ધપુર ગુરુકુળ)ના વક્તાપદે થઈ હતી. સમગ્ર પ્રસંગનું આયોજન અનુપમ સ્વામી તથા પૂજારી આદિએ કર્યું હતું. ઠાકોરજીને અભિષેક, અન્નકૂટ વગેરે વિધિવત થયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (માધવ સ્વામી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ ગાદીના દ્વા (નિવૃત) આચાર્ય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમા - ગુરુ પૂજન મહોત્સવ સૌ પ્રથમવાર મૂળીધામે દબદબા પૂર્વક ઉજવાયો.

તા. ૨૧-૭-૧૩ ના સાંજે પ.પૂ. મોટા મહારાજશ્રી મૂળી ધામે પધાર્યા ત્યારે મૂળી મંદિરના મહંત સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી અને સંત હરિભક્તોએ ખૂબજ ભાવભીનું સ્વાગત કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી ઠાકોરજીની આરતી ઉતારીને દર્શન કરી ઉતારે પધાર્યા હતા.

તા. ૨૨-૭-૧૩ ના પ્રાતઃ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની શણગાર આરતી ઉતારી દર્શન કરી પ.પૂ. મોટા મહારાજશ્રી બ્રહ્માનંદ સભા મંડપમાં પધાર્યા હતા. જ્યાં બિરાજમાન થયા ત્યારે સૌ પ્રથમ ભૂદેવો દ્વારા સ્વસ્તીવાચન અને ત્યારબાદ મૂળીના પૂજનીય સંતો એ સમૂહ આરતી કરી ગુરુ પૂજન કર્યું હતું. ત્યારબાદ યજમાન પરિવારોએ આરતી ઉતારી ગુરુ પૂજન કરીને દિવ્ય અલૌકિક લાભ લીધો હતો.

સભાસંચાલન શ્રી શૈલેન્દ્રસિંહ ઝાલાએ સુંદર રીતે કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) સ.ગુ. કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી વગેરે મૂળી દેશના સંતોએ ગુરુ પૂર્ણિમાના ગુરુ પૂજન અને ધર્મવંશીનું માહાત્મ્ય મહિમા કહ્યો હતો. વિદ્વાન સંતો અને હરિભક્તોએ પણ આજના દિને આવો મહા અલૌકિક શ્રીહરિના અપર સ્વરૂપનું પૂજન એ સ્વયં શ્રીજી મહારાજનું જ પૂજન કર્યા બરાબર છે. આપણે ગુરુ શોધવાની જરૂર નથી. સ્વયં શ્રીજી મહારાજે ધર્મવંશીને આપણા ગુરુ તરીકે સ્થાપન કરી પોતાના સ્થાને બિરાજમાન કર્યા છે. આવી પરંપરા કોઈ સંપ્રદાયમાં નથી. આપણા તો મહાન અહોભાગ્ય છે. એમ સંતોએ સુંદર મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી અને પ્રસન્ન થઈ દેવ પ્રત્યેની ઉપાસના, નિષ્ઠા, નિશ્ચય જીવ સાટે રાખવા ઉપર વાત કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. હજારો મૂળી દેશના હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન-પૂજન અર્ચન કરી ગુરુઋણ અદા કર્યું હતું. સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી શા.સ્વા. વ્રજભૂષણદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા ૧૪૯ મો પાટોત્સવ**

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રાંનો ૧૪૯ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૬-૭-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવાયો. મંદિરમાં બિરાજમાન ચાર છોગલાવાળા હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા આપણા આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. મંદિરમાં સેવા પૂજા કરતા સ્વામી ભક્તિહરિદાસજી અને તેમના શિષ્ય મંડળે ઠાકોરજીની આરતી કરી અન્નકૂટ આદિ ધરાવી હરિભક્તોને કથાવાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો. (પ્રતિ. અનીલ બી. દૂધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટા (અમેરિકા આઈ.એસ.એસ.ઓ.) બીજો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા શા. એસ.પી. સ્વામી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (જેતલપુરધામ)ના અથાગ પ્રયત્ન અને પ્રેરણાથી આટલાન્ટા શ્રી સ્વામિનારાયણ મંદિરનો બીજો પાટોત્સવ ૨૦ જૂન થી ૨૨ જૂન દરમ્યાન વિધિવત રીતે ઉજવાયો.

પ્રસંગના પ્રારંભમાં પોથીયાત્રા તથા નરનારાયણ સત્સંગ મંડળની બહેનો દ્વારા શણગાર ગરબા આદિ ઉત્સવ થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સ.ગુ.શા. પી.પી. સ્વામી (જેતલપુર)ના વક્તાપદે શ્રીહરિ વનવિચરણની કથા સુંદર રીતે થઈ હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કથાનો લાભ લીધો. ઉત્સવના તમામ યજમાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

૨૨ જૂન રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વિધિવત રીતે થયો હતો. ત્યારબાદ અન્નકૂટ, ધ્વજ પૂજન આદિ ઉત્સવના હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્ય ધન્ય બન્યાં હતાં.

છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ દરેક યજમાન હરિભક્તોનું ફૂલહાર પહેરાવી વનવિચરણ પુસ્તિકા ભેટ આપી સન્માન કર્યું હતું. ત્યારબાદ સર્વે હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ શ્રીહરિ આપ સૌ ઉપર રાજી રહે અને સૌને સુખીયા કરે તેવા હૃદયના ઉદ્‌ગારો સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ ઉત્સવમાં સેવા કરનાર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મહિલા મંડળ તથા નાના મોટા સૌ હરિભક્તો અને નાના બાળકો ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. ટૂંકા સમયમાં સત્સંગની વિશેષ વૃદ્ધિ જોઈ પ.પૂ. મહારાજશ્રી ખૂબજ રાજી થયા હતા.

(પૂજારી સ્વામી એટલાન્ટા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી પ્રકાશિત શ્રીમદ્ સત્સંગિજીવન ૧ થી ૫ પ્રકરણ સંસ્કૃત-અંગ્રેજી ગ્રંથનું વિમોચન**

આપણા યુ.કે. વસતા હરિભક્તોના ઘણા યુવાનો બાળકો ગુજરાતી સંપૂર્ણપણે સમજી શકતા ન હોવાથી તેમને પણ આપણા મૂળ શાસ્ત્રોનું જ્ઞાન અને સમજણ મળે તેવા શુભ હેતુથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આપણા કચ્છ કેરાના લંડન વસતા અંગ્રેજી ભાષાના ખૂબજ સારા જાણકાર પ.ભ. જેઠાલાલ ધનજી સવાણીને સત્સંગિજીવન (મૂળ) પ્રકરણ ૧ થી ૫ (સંસ્કૃત સાથેનું સરળ અંગ્રેજી ભાષામાં સૌને રૂચિકર લાગે તેવું ટ્રાન્સલેશન કરવા આજ્ઞા કરી અને જે શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી તૈયાર થતા લંડન વિલ્સડનલેન શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી ઘનશ્યામ રજત જયંતી મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તે ગ્રંથનું વિમોચન થયું.

વિમોચન પ્રસંગે પ.ભ. જેઠાભાઈને કાર્યમાં ઉપયોગી થનાર સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી, શ્રીનાનજી ભાઈ મેઘજી હીરાણી (નારાણપર) શ્રી દિપકભાઈ કાનજી રાબડીયા, (બળદીયા હાલ સીડની) તથા પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર દાતા શ્રી દેવસીભાઈ હાલાઈ (સૂરજપર-હાલ મોમ્બાસા) આદિ સૌને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. તથા શ્રીમતી રશ્મિતાબેન કપિલ રાબડીયા (માંડવી) (જેઓ પણ ટ્રાન્સલેશનમાં મદદરૂપ બન્યા હતા.) ને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ આશીર્વાદ આપી પ્રસાદીની કંઠી પહેરાવી હતી.

આ પુસ્તક અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના સાહિત્ય કેન્દ્ર અને લંડન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પણ મળશે. (બ્ર. પૂજારી સ્વા. રાજેશ્વરાનંદજી)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| જેઠ સુદ-૧ | રાદડીયા જીગ્નેશ દિનેશભાઈ (ચુરમાના લાડુ) | |
| જેઠ સુદ-૩ | પંચાણ ધનજી ભગત (મગસ) | રવાપર-કચ્છ |
| જેઠ સુદ-૫ | ભગવાનભાઈ વશરાજભાઈ (ચુરમાના લાડુ) | ખંડેરાવપુરા |
| જેઠ સુદ-૭ | પટેલ મહેન્દ્રભાઈ આત્મારામ (મોહનથાળ) | ન્યુજર્સી |
| જેઠ સુદ-૭ | અ.નિ. નવિનચંદ્ર વાડીલાલ શેઠ (રસપુરી) (હ. ભરતભાઈ, સંદિપ ચોકસી) | અમદાવાદ |
| જેઠ સુદ-૭ | મનીષ જીતેન્દ્રકુમાર (રસપુરી) (હ. બ્રહ્મચારી રાજુ સ્વામી) | |
| જેઠ સુદ-૮ | વિશરામ લાલજી ભૂડીયા (મગસ) | સુખપર-કચ્છ |
| જેઠ સુદ-૮ | મુરજી કાનજી વેંકરીયા (મગસ) | નારાણપર-કચ્છ |
| જેઠ સુદ-૧૦ | પટેલ અંબાબેન બાવચંદભાઈ (મગસ) | અમદાવાદ |
| જેઠ સુદ-૧૦ | અ.નિ. વેલજી શામજી રાબડીયા (મગસ) | સુખપર-કચ્છ |
| જેઠ સુદ-૧૩ | પ્રદિપાબેન પટેલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| જેઠ સુદ-૧૩ | અ.નિ. વિષ્ણુભાઈ શાંતિભાઈ પટેલ (મોહનથાળ) (હ. વસંતભાઈ, જે.કે. સ્વામી) | દહેગામ |
| જેઠ સુદ-૧૩ | સી.કે. પૂજાવાળા (ચુરમાના લાડુ) (હ. જે.કે. સ્વામી) | અમદાવાદ |
| જેઠ સુદ-૧૪ | પટેલ મુકેશકુમાર અમૃતલાલ, ધ્રુવીલની સગાઈ નિમિત્તે (મોહનથાળ) | રાણીપ |
| જેઠ સુદ-૧૪ | રસિકભાઈ રાજાભાઈ ઝવેરી (બુંદી) (હ. જીતુભાઈ, જયપ્રકાશ ઝવેરી) કેસર સ્નાન નિમિત્તે | જામનગર |
| જેઠ સુદ-૧૪ | પરિતોષ કિશોરભાઈ મોઢા (બુંદીના લાડુ) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |
| જેઠ વદ-૧ | પટેલ જયાબેન ડાહ્યાલાલ (મગસ) | રાણીપ |
| જેઠ વદ-૧ | ચૌધરી વિજય બળદેવભાઈ (મગસ) | બાલવા |
| જેઠ વદ-૫ | અ.નિ. પટેલ જમનાબેન ગોકળભાઈ (મોહનથાળ) (હ. ડૉ. હરિકૃષ્ણભાઈ, ઈશ્વરભાઈ) | સાપાવાડા |
| જેઠ વદ-૭ | અ.નિ. પરબતભાઈ કાનજીભાઈ હિરાણી, અ.નિ. પ્રેમજીભાઈ પરબતભાઈ હિરાણી (મગસ) | ભારાસર-કચ્છ |
| જેઠ વદ-૮ | જશુભાઈ નટવરભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| જેઠ વદ-૯ | અ.નિ. સામબાઈ મેઘજી ખેતાણી (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| જેઠ વદ-૧૦ | શાંતાબેન ભરતભાઈ પટેલ (મોહનથાળ) | ઝુલાસણ |
| જેઠ વદ-૧૧ | ધવલભાઈ પ્રજાપતિ (કાજુબદામ મૈસુબ) | અમદાવાદ |
| જેઠ વદ-૧૧ | ગં.સ્વ. કેસરબાઈ દેવજી નાથા વેકરીયા | નારણપર-કચ્છ |
| જેઠ વદ-૧૩ | અર્પિતભાઈ અરવિંદભાઈ કોટાવાળા (મોહનથાળ) (હ. જે.કે. સ્વામી) | અમદાવાદ |
| જેઠ વદ-૧૪ | અ.નિ. સરોજબેન રમેશચંદ્ર સોની (બુંદીના લાડુ) | સાવલી |

### લંડન વિલ્સડન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ સિલ્વર જ્યુબીલી મહોત્સવ

આજથી ૨૫ વર્ષ પહેલા શ્રી નરનારાયણદેવ ગાદીના હક્કા આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ભુજ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિરના અ.નિ. મહંત સ.ગુ.શા.સ્વા. ધર્મજીવનદાસજીની પ્રેરણા માર્ગદર્શન અને ભુજ (કચ્છ)ના વડીલ સંતોના આશીર્વાદથી સને ૧૯૮૮ ગુરુપૂર્ણિમાના રોજ લંડન (યુ.કે.) વિલ્સડન વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય નિર્માણ થતા તેમાં સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અને ભુજ મંદિરના વિશાળ સંત સમુદાયની ઉપસ્થિતિમાં ધામધૂમથી થઈ હતી. જેને તા. ૨૨-૭-૧૩ ના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થતા શ્રી ઘનશ્યામ મહારાજ સિલ્વર જ્યુબીલી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં અને ભુજ મંદિરના સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને સંત મંડળ તેમજ અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંત મંડળની નિશ્રામાં અને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે તા. ૨૧-૭-૨૦૧૩ ને રવિવારે લંડન શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તા. ૨૨-૭-૨૦૧૩ અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વિધિવત રીતે ધામધૂમ પૂર્વક થયો હતો. સિલ્વર જ્યુબીલી મહોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું રસપાન ભુજના સંતો દ્વારા કથાનો લાભ આપેલ. સ્વયં સેવક ભાઈઓ બહેનો અને નાના મોટા દરેક હરિભક્તોએ ખડેપગે સેવા બજાવી હતી. પ્રમુખશ્રી મનજીભાઈ શિવજીભાઈ અને તમામ ટ્રસ્ટી મંડળ, કાર્યવાહક કમિટી તેમજ યજમાન હરિભક્તોની સેવા ખૂબજ પ્રસંશનીય હતી. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૭૭૭/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૫૦૦૦/- પટેલ પરેશકુમાર રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કુંડાળવાળા
૧૦૧/- પટેલ કમલેશભાઈ સતીષભાઈ જમીયતપુરા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ હર્ષિલકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સંતરામપુર
૨૫૧/- પટેલ અર્પિતા અંકુરભાઈ શ્રીમંત પ્રસંગે ગાંધીનગર
૧૦૦/- ટાંક દયાળજીભાઈ મોતીભાઈ તેમના જીરાગઢ
માતુશ્રીની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ કેતન મફતલાલ જન્મદિને ઉનાવા
૧૦૧/- વાઘેલા ઓમરાજસિંહ ધર્મેન્દ્રસિંહ ગોધાવી
શાળાએ મૂક્યા તે નિમિત્તે
૧૦૧/- વાઘેલા અમરબા નવલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૫૦/- શાંતાબેન દેવજીભાઈના સ્મરણાર્થે જામસર
૨૦૦/- પોરીયા રોહિત કાંતિલાલ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે ધૂળકોટ
૨૦૦/- પોરીયા પૂજા કાંતિલાલ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે ધૂળકોટ
૨૦૧/- પટેલ પ્રવિણ સોમાભાઈ વિહાર
નવા મકાનમાં અમદાવાદ રહેવા ગયા તે નિમિત્તે
૧૦૧/- ટાંક અંકિત બિપીનભાઈ ધો-૧૨ માં એડમીશન નિમિત્તે મુંબઈ
૧૦૦/- પટેલ ધરણીબેન ચંદ્રેશકુમાર ૨૮-૯ જન્મ દિને આકરૂંદ
૧૦૧/- બૂટીયા દર્શનકુમાર રણછોડભાઈ બળોલ-ભાલ
ધો-૧૨ માં સારા ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ શારદાબેન ચંદુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઈટાદરા
૧૦૧/- વાઘેલા વેલુભા હિંમતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- પટેલ સ્નેહલ રાજુભાઈ બીફાર્મમાં પાસ થયા તે નિમિત્તે મોખાસણ
૧૦૧/- પટેલ દિનેશભાઈ કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૧/- ભાવસાર સંદિપકુમાર ભરતભાઈ લગ્ન પ્રસંગે મેઉવાળા
૧૦૧/- ભાવસાર આનંદકુમાર ભરતભાઈ લગ્ન પ્રસંગે મેઉવાળા
૧૦૦/- ઝાલા નરેન્દ્રસિંહ બહાદુરસિંહ પંચાસર
ચિ. મનસ્વીબાના બીજા જન્મ દિન પ્રસંગે
૧૫૦/- પટેલ હરિભાઈ નાથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૧/- પટેલ યોગેન્દ્રભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- ચૌધરી અજુભાઈ ગોવાભાઈ ખોડાજી શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- પટેલ ધ્રુવ વિજયભાઈ જન્મ દિને દહેગામ
૨૦૦/- પટેલ પ્રિતી જસુભાઈ ધો-૧૦ માં ૭૩ ટકા નિમિત્તે લવારપુર
૧૦૦/- પટેલ મણીબેન અંબાલાલના સ્મરણાર્થે દેલવાડાવાળા
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૧/- અ.નિ. શંકરભાઈ ઠાકરસીભાઈ પટેલની મણીપુરા
પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- બૂટીયા તેજેશકુમાર હસમુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- ઠાકોર લક્ષ્મણજી સોમાજી બોપલ
ચિ. કૌશલ, ક્રિષ્ણા ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- ચાવડા રાજલ ગોવિંદભાઈ બળોલવાળા
ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- ચાવડા પૂજા ગોવિંદભાઈ બળોલવાળા
ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ જયંતીભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધમાસણાવાળા
૨૦૦/- ભગત રસિકભાઈ વિદેશયાત્રા નિમિત્તે વેડા
૨૦૧/- પટેલ સુશીલાબેન મનહરલાલ અમદાવાદ
ચિ. જયશ્રીબેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે
૧૦૦/- બૂટીયા દાનુભાઈ કુબેરભાઈ કાલીયાણા
નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- મોરી દજાભાઈ કરશનભાઈ બોર મૂક્યો તે નિમિત્તે કાલીયાણા
૧૦૦/- પટેલ પ્રવિણચંદ્ર મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- પટેલ અલ્પેશકુમાર વિષ્ણુભાઈ આનંદપુરા
નવી ગાડી લીધી તે નિમિત્તે
૧૦૦/- ચૌહાણ ધ્રુવરાજસિંહ શૈલેન્દ્રસિંહ ધો-૧ માં પાસ નિમિત્તે ભોળાદ
૧૦૦/- દરજી મનોજ કે. શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૨૦૧/- પટેલ જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૧૦૫/- પટેલ કંચનબેન રણછોડભાઈ જન્મ દિને દેવપુરાવાળા
૨૦૧/- પટેલ મનીષભાઈ રમેશભાઈ નારણદાસ ડાંગરવા
કેનેડામાં જોબ મળી તે નિમિત્તે
૨૦૧/- ચિ. દિવ્યાની રમેશભાઈ નારણદાસ પટેલ સગાઈ નિમિત્તે ડાંગરવા
૧૦૧/- પટેલ રવિકુમાર પરસોતમદાસ ભાત
ચિ. આરોહીના પ્રથમ જન્મ દિને
૧૦૦/- પટેલ ઉત્સવ વાસુદેવભાઈ ધો-૧૦ પાસ નિમિત્તે દેલવાડા
૧૦૧/- પટેલ રાજ વિષ્ણુભાઈ નરોડા
ધો-૧૦ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- ઉપાધ્યાય મનીષાબેન એન. અમદાવાદ
૧૦૧/- સાવલીયા સૌમીલ રાજેશભાઈ સ્કુલમાં એડમીશન નિમિત્તે સુરત
૧૦૦/- પટેલ શિવાંગી ચેતનભાઈ ધો-૧૨ સાયન્સમાં પાસ નિમિત્તે કુહા
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- ચૌહાણ પ્રિયંક નિલેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જામસર
૧૦૦/- ચૌહાણ ઘનશ્યામ અતુલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જામસર
૧૦૧/- ડિંડોર પાયલબેન વિરસીંગભાઈ પ્રથમપુર
ધો-૧૦ માં ૮૧ ટકા નિમિત્તે
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ મણીબેન લખીદાસભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ ઈલાબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધોળકા
૧૧૧/- પટેલ કલ્પિતભાઈ ભગવાનભાઈ પુત્ર જન્મ પ્રસંગે ગોઠીબ
૧૦૦/- પટેલ યુગ બ્રિજેશભાઈ જન્મ દિને ન્યુજર્સી
૧૫૧/- પટેલ કાંતાબેન રામભાઈ મોખાસણ
ચિ. ક્રિશને ત્યાં આર્યાના જન્મ પ્રસંગે

૨૦૧/- પટેલ પ્રેમ સુરેશભાઈ જન્મ દિન નિમિત્તે વાવોલ
૧૫૧/- ભાવસાર દ્રષ્ટિ પરેશકુમાર ઘાટલોડીયા
ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે
૨૦૦/- પટેલ લાલજીભાઈ ડાહ્યાભાઈ રાણીપ
ચિ. પૌત્ર કનિષના જન્મ પ્રસંગે
૧૦૧/- પંચાલ ઘનશ્યામભાઈ મહેન્દ્રકુમાર ઉનાવા
ચિ. જીયાના જન્મ પ્રસંગે
૧૦૧/- કા. જીજ્ઞેશભાઈ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૦/- પટેલ પ્રકાશભાઈ અમૃતલાલ ગવાડા
હર્ષ, ગોપી, સાક્ષી અને શુભ પાસ થયા તે નિમિત્તે
૫૦૦/- અ.નિ. માલવીયા નાનુબેન મનજીભાઈ ના સ્મરણાર્થે નરોડા
૧૦૧/- સોરઠીયા મહેશભાઈ મધુભાઈ પુત્ર જન્મ પ્રસંગે બાપૂનગર
૧૦૧/- પટેલ રાજુભાઈ ગિરધરલાલ ચાર ધામ યાત્રા નિમિત્તે માણસા
૧૦૧/- ચાવડા મોહિતસિંહ આર. બળોલ-ભાલ
ચિ. મહેકના પ્રથમ જન્મ દિને
૧૫૧/- પટેલ ભરતકુમાર સોમાભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે વાગોસણા
૧૫૧/- પટેલ મધુબેન ભરતભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે વાગોસણા
૧૦૧/- સુખડીયા મધુભાઈ બેચરભાઈ વિરાટનગર
પૌત્ર અક્ષયને ધો-૧૦ માં ૯૬ ટકા નિમિત્તે
૫૦૦/- વડગામા જીજ્ઞેશ હસુભાઈ જન્મદિન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- કા. નિરવકુમાર ધીરજલાલ ચિ. પાર્થની બાબરી નિમિત્તે કોઠંબા
૧૦૧/- કા. મહેશકુમાર ધીરજલાલ ચિ. ધ્યાનની બાબરી નિમિત્તે કોઠંબા
૫૦૦/- પાડલીયા મંથન જગદીશચંદ્ર જન્મ દિન પ્રસંગે મોરબી
૨૫૧/- જાકાસણીયા સવિતાબેન અમૃતલાલ જેતપર (મચ્છુ)
પૌત્ર-પૌત્રી (ટવિન્સ)ના જન્મ દિને
૫૦૦/- અ.નિ. પટેલ શૈલેષભાઈ બાબુલાલ પુણ્યતિથિ નિમિત્તે માણસા
૧૧૧/- ડોડીયા ઘનશ્યામભાઈ કાનાભાઈ ટીંબા
ચિ. ઉત્સવને ધો-૧૨ માં ૮૩ ટકા નિમિત્તે
૧૧૧/- મોદી રમણલાલ અમૃતલાલ હિંમતનગર
નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ દ્રશ્યા નિલેશકુમાર પ્રથમ જન્મ દિને કનીપુર
૧૫૧/- પરમાર કીર્તન મુકેશભાઈ નવાવાડજ
ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે
૧૫૧/- પરમાર નિધિ મુકેશભાઈ નવાવાડજ
ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે
૩૩૩/- મોદી પ્રકાશભાઈ દિલીપભાઈ મહેસાણા
સગાઈ પ્રસંગે (હ. મુક્તાબેન)
૧૦૦/- પટેલ રમેશચંદ્ર બાબરભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે દહેગામ
૧૦૦/- અ.નિ. જ્યોત્સનાબેન રમેશચંદ્ર પટેલ દહેગામ
૮ મી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- હડીયેલ પ્રિતેશભાઈ પ્રવિણભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- હડીયેલ પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૩૫૧/- સોની સ્નેહલ હર્ષદભાઈ ૧૫ મી લગ્ન તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- કા. ભાવિકભાઈ શૈલેષકુમાર બી.એડમાં ૮૫ ટકા નિમિત્તે કોઠંબા
૧૦૧/- પટેલ તીર્થ રસિકભાઈ ૧૨ સાયન્સમાં સારા ટકા નિમિત્તેઅમદાવાદ
૧૧૧/- અ.નિ. ચંચળબેન રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૫૧/- પટેલ ચંચળબેન ચંદુભાઈ એકાદશી નિમિત્તે મોટેરા
૧૫૧/- પટેલ પ્રિયાબેન ઈન્દ્રવદન નોકરી મળી તે નિમિત્તે મોટેરા
૧૦૦/- પટેલ રતિલાલ બેચરભાઈ નવી વિમા એજન્સી નિમિત્તે પોર
૧૦૧/- મોદી અમૃતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ
૧૦૦/- પટેલ દિવ્યેશ ચંદ્રકાન્ત પુત્ર જન્મ પ્રસંગે વહેલાલ
૨૦૧/- કા. પિનલબેન કલ્પેશકુમાર બાલાસિનોર
શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે
૧૦૧/- મહેતા જીવંતિકાબેન એલ. જન્મદિને અમદાવાદ
૧૦૦/- કા. પિનલબેન ગોપાલભાઈ બાલાસિનોર
દવાખાનામાંથી રજા મળી તે નિમિત્તે
૧૦૦૧/-પટેલ અમૃતભાઈ નારણભાઈ, રૂખીબેન નારણભાઈ અજરાપુરા
(તા. ૧૪-૬-૧૩)ના સ્મરણાર્થે
૧૦૦/- પટેલ પાર્થ અરૂણભાઈ ચિખલોડ
ધો-૧૦ (અંગ્રેજી મિ.)માં ૯૭ ટકા નિમિત્તે
૧૦૦/- પટેલ જયેશભાઈ ધીરૂભાઈ ચિ. સિયાના જન્મ પ્રસંગે લસુન્દ્રા
૧૫૦/- ભરવાડ માંડણભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૫૧/- પટેલ સુરેશભાઈ પરસોતમદાસ દેલવાડાવાળા
ચિ. પારૂલબેનના લગ્ન પ્રસંગે
૧૦૦/- અ.નિ. ભાવનાબેન વજેસંગ પરમારના મોક્ષાર્થે બળોલ-ભાલ
૧૦૧/- ચૌહાણ ચિરાગ ભરતભાઈ પ્રથમ પગાર નિમિત્તે જામસર
૧૦૫/- સ્વામિનારાયણ શિવાંગ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ડૉ. નિમેષ ભરતકુમાર પટેલ અમેરિકાના વિઝા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ચૌધરી અમૃતભાઈ લવજીભાઈ યુ.કે.ના વિઝા નિમિત્તે માણેકપુર
૧૦૧/- અ.નિ. કાશીભાઈ બેચરભાઈ પટેલ લસુન્દ્રા
અષાઢ સુદ-૧૫ પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પરમાર યજ્ઞેશ નિશાંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૨૦૦/- પટેલ અલ્કેશ લાલભાઈ જન્મદિન નિમિત્તે ધમાસણા
૨૦૦/- પટેલ અલ્પેશકુમાર મહેન્દ્રભાઈ પુત્ર જન્મ પ્રસંગે ગવાડા
૫૦૦/- પટેલ બિપીનચંદ્ર ગોપાળભાઈ ચિ. અનુપ બી.ઈ. વિહાર
મિકેનિકલમાં ડિસ્ટ્રી. સાથે પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ ધ્રુવ ઘનશ્યામભાઈ જન્મ દિને ગુલાબપુરા
૫૦૧/- ગરનાળા અશ્વિનીબેન સંદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- વખારીયા સચિન નિતીનભાઈ અમદાવાદ
એન્જીનીયર થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ હેલી મુકેશભાઈ એ. એન્જીનીયરમાં વિહાર
એડમીશન નિમિત્તે
૧૦૧/- ભાવસાર કેતન દશરથલાલ શ્રીજી પ્રસન્નાર્થે હેરો-લંડન
૧૦૧/- કણઝરીયા સ્મિત જન્મ દિને ચરાડવા
૨૫૧/- પટેલ સરોજબેન નંદલાલ પુલ્હાશ્રમ યાત્રા નિમિત્તે કણભા
૧૦૧/- અ.નિ. મકવાણા સમજુબેન શામજીભાઈના સ્મરણાર્થે અમદાવાદ
૨૦૧/- પટેલ નટવરભાઈ મગનભાઈ ગૃહ પ્રવેશ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ શારદાબેન નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ચાવડા મયુર જસુભાઈ જે. બળોલવાળા
ચિ. પુત્ર હેતાર્થના જન્મ નિમિત્તે
૧૦૦/- રાઠોડ ચેતનાબેન હિતેષકુમાર રતનપર
તેમના ભાઈ મયુરને ત્યાં હેતાર્થના જન્મ નિમિત્તે
૧૦૧/- કાપડીયા નિર્ભયકુમાર અમદાવાદ
એન્જીનીયરીંગમાં એડમીશન નિમિત્તે

૧૦૧/- પટેલ જીતેન્દ્ર ડાહ્યાભાઈ બાઈક લાવ્યા તે નિમિત્તે ગવાડા
૧૦૧/- ગાંગાણી ભૂમિ અરવિંદભાઈ ધો-૧૦ માં પાસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ડાભી અજીતસિંહ દિલીપસિંહ ગાડી-મકાન લીધુ તે નિમિત્તે નરોડા
૧૦૦/- પટેલ જી. આઈ. અ.નિ. ઈશ્વરદાસ ફૂલદાસની ૨૫ મી પુણ્ય તિથિ નિમિત્તે ગોવિંદપુરા વેડા
૧૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૫૦૧/- કા. પરસોતમદાસ ખેમચંદ નવી દુકાન લીધી તે નિમિત્તે દહેગામ
૧૫૧/- પટેલ હર્ષિબેન ધૈર્યભાઈ જન્મ દિને ન્યુયોર્ક
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે મિતલી
૧૦૦/- પટેલ ડાહ્યાભાઈ હરગોવનદાસ પૌત્ર નિરવ - આકાશના સગપણ નિમિત્તે માણસા
૧૫૧/- પ્રજાપતિ ભીખાભાઈ શીવાભાઈ નવી સ્કુટી લાવ્યા તે નિમિત્તે ચાંદખેડા
૨૫૧/- અ.નિ. પંકજભાઈ એન. હાલાણીના મોક્ષાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ પંકિત મુકેશભાઈ સી.એ.માં. પાસ થયા તે નિમિત્તે ગાંધીનગર
૧૫૧/- ઘનશ્યામ જનરલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મિસ્ત્રી દર્શન હિંમતલાલ એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મહેતા જીવંતિકા લક્ષ્મીકાન્ત ચિ. તેજસના જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ ચિ. જયદિપ એન્જીનીયર થયો તે નિમિત્તે બળોલ-ભાલવાળા
૫૦૦/- સિંધવ દિપક કેશુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે (બળોલ-ભાલ) આદીપુર (કચ્છ)
૧૦૧/- વાઘેલા જયંતીભાઈ જીવરાજભાઈ ગુરુ પૂર્ણિમા નિમિત્તે સુરત
૧૦૦/- પટેલ ચિરાગકુમાર ભરતભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે સોજા

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ : સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી ઉપાસક ઉપદેશક અને પ્રવર્તક શ્રીનરનારાયણદેવ દેશના અગ્રગણ્ય હરિભક્ત શિરોમણી પ.ભ. શ્રી મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબના અંતેવાસી અગ્રણી મૂક સેવક પ.ભ. શ્રી નંદલાલભાઈ ભાઈચંદભાઈ કોઠારી (ઉ. ૮૭ વર્ષ) સર્વોપરી ભગવાન શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા કરતા તા. ૨૬-૭-૨૦૧૩ ને શુક્રવારના રોજ અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી નરનારાયણદેવ દેશમાં શ્રીહરિના સર્વોપરી નિષ્ઠાવાન ઉપાસકની મોટી ખોટ પડી છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીને આ દુઃખદ સમાચાર મળતા તેઓશ્રીએ પણ ખૂબજ દુઃખની લાગણી વ્યક્ત કરી છે. અને તેમને મહારાજ પોતાના ધામના ધામે સુખિયા રાખે તેવી પરમ કૃપાળુ શ્રીનરનારાયણદેવને પ્રાર્થના કરી છે.**

**અમદાવાદ (મૂળ ઉમરેઠ ગામ) :** ગં.સ્વ. હસમુખબેન (હસુબા) જમુભાઈ શેલત (ઉ. ૯૬ વર્ષ) તા. ૧-૭-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમના પરિવારને ધૈર્ય અને બળ આપે તેવી પ્રાર્થના.

**અમદાવાદ-બાપુનગર :** ચંપાબેન મનુભાઈ ડોબરીયા તા. ૭-૫-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-બાપુનગર :** લાભુબેન ભીખાભાઈ ડોબરીયા તા. ૧૫-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લસુન્દ્રા :** પ.ભ. મુકેશભાઈ પટેલના માતુશ્રી શાંતાબેન શાંતિભાઈ પટેલ તા. ૨૧-૬-૧૩ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વડગામ (તા. દશાડા) :** પ.ભ. ગીરીશભાઈ અમરાભાઈ રાઠોડ તા. ૮-૭-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ (ભાલ) :** ભાવનાબેન વજેસંગ પરમાર તા. ૨-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મણીયોર (તા. ઈડર) :** પટેલ કોદીબેન જોઈતાભાઈ તા. ૧-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** મકવાણા સમજુબેન શામજીભાઈ (ઉ. ૯૫ વર્ષ) તા. ૧૪-૭-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અજરાપુરા :** પટેલ અમરતભાઈ નારણભાઈના માતુશ્રી પટેલ રૂખિબેન નારણભાઈ તા. ૧૪-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાંદોલ :** પ.ભ. રતીલાલ અંબાલાલ પટેલ તા. ૩૧-૫-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


**અમદાવાદ-બોપલ :** પ.ભ. વિનયકાન્ત નટવરલાલ ઠક્કર (ઉ. ૬૮ વર્ષ) તા. ૩૧-૫-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માંડલ :** પ.ભ. કુંવરબેન ભગવાનભાઈ પટેલ (માજી કોઠારી બહેનોનું મંદિર) તા. ૨૩-૭-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (ભુયંગદેવ) :** શ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત પ.ભ. ડૉ. ગંગારામભાઈના ધર્મપત્ની ચંપાબેન તા. ૨૮-૭-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.











## પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના આગામી ૪૧માં જન્મોત્સવ (દશેરા) નિમિત્તે વિવિધ ગામો - મંદિરોમાં કાર્યક્રમો













૧-૨-૩. અમદાવાદ, કાળુપુર, જેતલપુર અને જીવરાજ પાર્ક મંદિરમાં અલૌકિક હિંડોળા દર્શન. ૪. જેતલપુરધામે ગુરૂપૂર્ણિમાના ગાદી દર્શન કરતા હરિભક્તો. ૫. લંડન વિલ્સડન મંદિરમાં અમદાવાદ કાલુપુર મંદિરથી પ્રકાશિત શ્રીમદ્ સત્સંગિ જીવનનું (પ્ર. ૧થી ૫ સંસ્કૃત-અંગ્રેજી) વિમોચન કરતા પ.પૂ.મહારાજશ્રી સાથે ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી નિર્ગુણદાસજી, ભાષાંતર કર્તા જેઠાલાલ સવાણી અને પુસ્તકમા સૌજન્ય આપનાર પ.ભ.દેવશીભાઈ હાલાઈ (મોમ્બાસા) આદિ હરિભક્તો. ૬.કર્મ શક્તિ મંદિરમાં મહિલા મંડળ દ્વારા અખંડ ધૂન. ૭. કલોલ શ્રીનગર મંદિરમાં વૃક્ષોના રોપાનું વિતરણ. ૮. લવારપુર મંદિરમાં સંતો દ્વારા સત્સંગ સભા. ૯. માણસામાં વૃક્ષના રોપાનું વિતરણ કરતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી. ૧૦. નારણઘાટ મંદિરમાં વૃક્ષના રોપાનું વિતરણ કરતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી તથા મહંત શા.પી.પી.સ્વામી (નારણઘાટ). ૧૧. સમૌ ગામમાં વૃક્ષના રોપાનું વિતરણ કરતા શા. સ્વામી નારણવલ્લભદાસજી (વડનગર)

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal
REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment
No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014









૧.એટલાન્ટા (અમેરિકા)મંદિરના પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી. ૨. કોલોનિયા મંદિરમાં ઠાકોરજી સમક્ષ આમ્રોત્સવ. ૩. એલેન્ટાઉન (આઈ.એસ.એસ.ઓ.)ચેપ્ટરમાં સત્સંગ સભા. ન્યુઝિલેન્ડ ઓકલેન્ડ મંદિરમાં પ.પૂ.મોટા મહારાજશ્રીએ આપેલ પ્રસાદીના ચરણાર્વિંદનું પૂજન કરતા પ.ભ. ડો.કાંતિભાઈ પટેલ

અમદાવાદ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી

# પ.પૂ.ધ.ધૂ. આચાર્ય ૧૦૦૮
# શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો




**તા. ૧૩-૧૦-૨૦૧૩, રવિવાર (દશેરા) સમય સાંજે ૪:૩૦કલાકે**

**સ્થળ :- ગાંધીનગર**

## ઉત્સવના ઉપલક્ષમાં થનાર આયોજનો

### ધાર્મિક આયોજનો

- ૪ કરોડ ૪૧ લાખ ૪૧ હજાર શ્રી સ્વામિનારાયણ મંત્ર લેખન
- ૪૧ હજાર જનમંગલ નામાવલી ના સમૂહ પાઠ
- ૧૪૧ મિનિટની ૪૧ ગામે અખંડ ધૂન
- ૪૧ ગામે સત્સંગ સભાઓ
- ૧૪૧ પૂજા પેટી વિતરણ
- ૪૧ વચનામૃતના પાઠ
- ૪૧૦૦ હરિભક્તો દ્વારા સમુહ પદયાત્રા (શ્રી નરનારાયણદેવ ના દર્શન)
- ૧૧૪૧ શ્રી સ્વામિનારાયણ માસિક અંકના આજીવન સભ્ય પદની ઝુંબેશ

### સામાજીક આયોજનો

- ૪૧ નિશુલ્ક મેડિકલ કેમ્પ
- ૧૪૧ બોટલ બ્લડ ડોનેશન
- ૧૪૧ યુવાનો ને વ્યસન મુક્તિ
- ૪૧ ગામે ગામસફાઈ
- ૪૧૦૦ વૃક્ષારોપણ
- ૪૧ ટ્રાઈસિકલ (વિકલાંગોને અર્પણ)
- ૪૧૦૦ અનાથ બાળકોને જમાડવા
- ૪૧૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાના)

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - નારાયણઘાટ તથા સમસ્ત સંત્સગ સમાજ - અમદાવાદ શહેર તથા ઉત્તર ગુજરાત તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - અમદાવાદ દેશ. વતી, સ.ગુ દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.પી.પી.સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)

Jagadish Offset
Praful Kharsani